દરરોજ સવારે સુરત થી પ્રસિદ્ધ થતું

RNI No. GUJGUJ/2023/87728

www.mumbaitarang.com

# દૈનિક મુંબઈ તરંગ ™

વર્ષ - 2 ❖ અંક - 209 ❖ શનિવાર 10 મે 2025 ❖ તંત્રી : દિલીપ નાનજીભાઈ પટેલ ❖ પાનાં 8 ₹3/-

'તમે ન તો ઘરના છો ન ઘાટના':એક્ટ્રેસ સુરભિ દાસે પાકિસ્તાની એક્ટ્રેસિસને ઝાટકી નાખી; કહ્યું- ભારતમાં કામની ભીખ માગવી છે ને પાછી તંગડી ઊંચી રાખવી છે?



## આજ નો સુવિચાર

માર્ગમાં સંકટો નડ્યા તેમાં, દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં રસ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જમ્મુ કાશ્મીરના CM અબ્દુલ્લાએ પૂંછમાં ગોળીબારમાં ઈજાગ્રસ્ત લોકોની મુલાકાત લીધી

ઓપરેશન સિંદૂરમાં 9 આતંકવાદી ઠેકાણાઓનો નાશ અને 90 થી વધુ આતંકવાદીઓને ઠાર માર્યા બાદ પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. આ દરમિયાન, ગુરુવારે (8 મે, 2025) ના રોજ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં ભારતીય અને પાકિસ્તાની સેના વચ્ચે ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં ભારતીય સેનાના એક સૈનિકને ગોળી વાગી હતી અને તે શહીદ થઈ ગયા હતા. તેમજ પાકિસ્તાને પૂંછમાં આવેલી LOC ખાતે સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં ઓછામાં ઓછા 15 નાગરિકોના મોત થયા છે.

જ્યારે 43 જેટલા ઘાયલ થયા છે.જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પૂંછમાં પાકિસ્તાનના ગોળીબારમાં ઘાયલ થયેલા લોકોને મળવા માટે જમ્મુની સરકારી હોસ્પિટલમાં પહોંચ્યા. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે, ત્યારે પાકિસ્તાને ગુરુવારે (8 મે, 2025) જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

## આર્મી ચીફને 14 ઈન્ફન્ટ્રી બટાલિયનનો ઉપયોગ કરવાની મંજૂરી, જાણો શું છે આ ટેરિટોરિયલ આર્મી?



મોદી સરકાર દ્વારા આર્મી ચીફને ટેરિટોરિયલ આર્મી (TA)ની 14 ઈન્ફન્ટ્રી બટાલિયનનો ઉપયોગ કરવા માટેની પરવાનગી આપી દેવીમાં આવી છે. રેગ્યુલર આર્મીને જ્યારે જરૂર પડે ત્યારે રક્ષણ માટે તેઓ આ ટેરિટોરિયલ આર્મીને બોલાવી શકે છે. આ ટેરિટોરિયલ આર્મીનું કામ જ્યાં જરૂર હોય ત્યાં પહોંચી સેવા આપવાનું કામ છે. પાકિસ્તાન દ્વારા ભારત પર હાલમાં જે ફાઈટર જેટ અને ડ્રોન વડે હુમલાઓ કરવામાં આવી રહ્યાં છે એના કારણે નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા આર્મી ચીફને આ ટેરિટોરિયલ આર્મીનો પણ ઉપયોગ કરવા માટેની મંજૂરી આપવામાં આવી છે.

શું છે ટેરિટોરિયલ આર્મી?

ટેરિટોરિયલ આર્મીને પાર્ટ-ટાઇમ વોલેન્ટિયર ફોર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતના નાગરિક દ્વારા એમાં આર્મીને સેવા આપવામાં આવે છે. નોન-કોમ્બેક્ટ ડ્યુટી માટે આ આર્મીને બોલાવવામાં આવે છે ખાસ કરીને કુદરતી હોનારત દરમ્યાન. જોકે આ આર્મીને પણ ટ્રેઈનિંગ આપવામાં આવી હોય છે અને દેશ પર સંકટ હોય ત્યારે તેમને પણ બોલાવવામાં આવી શકે છે. ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની, સચિન પાઈલટ, કપિલ દેવ અને એક્ટર મોહનલાલ જેવા ઘણાં દિગ્ગજ આ ટેરિટોરિયલ આર્મીના સન્માનનિય રેન્ક ધરાવે છે.

## નેતાઓના વાહિયાત નિવેદનથી કોર્ટ પર લોકોનો ભરોસો નહીં ડગે, ભાજપ સાંસદ નિશિકાંત દુબે સામે સુપ્રીમ કોર્ટ ભડકી

TMC સાંસદ મહુવા મોઈત્રા દ્વારા ભાજપ સાંસદ નિશિકાંત દુબે સામે સુપ્રીમ કોર્ટ સામેની વિવાદિત ટિપ્પણીને લઈને અવમાનનાની અરજી કરવામાં આવી હતી. જોકે, કોર્ટે આ અરજી નકારી દીધી છે અને કહ્યું કે, સાંસદની ટિપ્પણી ખૂબ જ બેજવાબદાર હતી અને તેઓ સુપ્રીમ કોર્ટના અધિકારને ઓછા કરવા અને બદનામ કરવાનો પ્રયાસ કરે છે. જોકે, અરજી નકારતા દરમિયાન કોર્ટે કહ્યું કે, 'અદાલત ફૂલ જેટલી નાજૂક નથી કે આવા હાસ્યાસ્પદ નિવેદનોથી કરમાઈ જાય.'



કોર્ટ ફૂલ જેવી નાજૂક નથી

સોમવારે (પાંચમી મે) ભાજપ સાંસદ નિશિકાંત દુબે સામે ટિપ્પણીને લઈને અવમાનનાની કાર્યવાહીની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે આ અરજીને નકારી દીધી પરંતુ અરજી નકારતા તેમણે કહ્યું કે, અમે જલ્દી તેના પર આદેશ આપીશું પરંતુ, અરજી પર સુનાવણી નહીં કરીએ. આ દરમિયાન CJI સંજીવ ખન્નાએ અને જસ્ટિસ સંજય કુમારની ખંડપીઠે કહ્યું કે, અમારૂ માનવું છે કે, કોર્ટ ફૂલની જેમ નાજૂક નથી જે આ પ્રકારના હાસ્યાસ્પદ નિવેદનોથી કરમાઈ નહીં જાય.

નેતાઓના આવા નિવેદનથી જનતાની અદાલત પ્રત્યે વિશ્વસનીયતા નહીં ડગે

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન નિશિકાંત દુબેને ફટકાર લગાવતા કહ્યું કે, 'તેમની આ ટિપ્પણી ન્યાયતંત્રમાં હસ્તક્ષેપ અને અડચણ ઊભી કરવાની પ્રવૃત્તિ છે.

સાંસદની ટિપ્પણીએ બંધારણીય અદાલતોની ભૂમિકા અને બંધારણ હેઠળ આપવામાં આવેલા કર્તવ્યો અને જવાબદારીઓ વિશે તેમની અજ્ઞાનતા દર્શાવે છે. અમને નથી લાગતું કે, આ પ્રકારના વાહિયાત નિવેદનોથી જનતાની નજરમાં અદાલત પ્રતિ વિશ્વસનીયતા ડગી શકે છે. જોકે, કોઈપણ શંકા વિના કહી શકાય કે, આવું કરવાની ઈચ્છા અને જાણીજોઈને પ્રયાસ જરૂર કરવામાં આવી રહ્યા છે.'

ચીફ જસ્ટિસે અરજી પર વિચાર ન કર્યો પરંતુ, તેમણે સ્પષ્ટ કરી દીધું કે, કોમવાદી ઘૃણા ફેલાવવા અથવા ઘૃણાસ્પદ ભાષણમાં સામેલ થવાના કોઈપણ પ્રયાસ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ થોડા દિવસો પહેલાં પોતાના એક નિવેદનમાં કહ્યું હતું કે, દેશમાં જેટલા પણ ગૃહયુદ્ધ થઈ રહ્યા છે, જેના માટે ચીફ જસ્ટિસ જવાબદાર છે. ભાજપ સાંસદે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશમાં ધાર્મિક યુદ્ધ ભડકાવવા માટે જવાબદાર છે.

## રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂર પડે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરવા ગૃહ મંત્રાલયે આપી સત્તા

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરિયાત સમયે કટોકટીની સત્તાનો ઉપયોગ કરવાના નિર્દેશ કર્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને વહીવટકર્તાઓને પત્ર લખી સિવિલ ડિફેન્સ રૂલ્સ હેઠળ સાવચેતીના જરૂરી પગલાંના અસરકારક અમલ માટે ઈમરજન્સી પાવર(કટોકટીની સત્તા)નો ઉપયોગ કરવાનો નિર્દેશ કર્યો છે.

ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ સ્થિતિમાં બનાસકાંઠા, પાટણ, કચ્છ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી.ગૃહ મંત્રાલયે આજે સવારે ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિમાં સોશિયલ મીડિયા અને અમુક મીડિયા પ્રકાશનો દ્વારા ફેલાવાઈ રહેલા ખોટા અહેવાલો અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી હતી.

## નાણા અને ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં જેટકો અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલન બેઠક મળી

સુરત શહેર-જિલ્લામાં વધતી જતી વસ્તી અને ચોમેર થઈ રહેલ વિકાસને ધ્યાને વીજળીની માંગ સતત વધી રહી છે, જેથી ભવિષ્યની આ માંગને પહોંચી વળવા માટે જેટકો, ડીજીવીસીએલ, સુડા, મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે નાણા અને ઉર્જા મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ ખાતે બેઠક મળી હતી. જેમાં નવા સબ સ્ટેશનોના નિર્માણ માટે જગ્યા મેળવવા અંગેની કવાયત હાથ ધરવા સંબધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં મંત્રીશ્રીએ કહ્યું કે, સુરત સૌથી ઝડપથી વિકાસની રાહ પર આગળ વધતું શહેર છે.

જિલ્લામાં પણ અનેક નવી ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે, અને અનેક નવા ઉદ્યોગ એકમો સ્થપાઈ રહ્યા છે, જેથી લોકોને ગુણવત્તાયુક્ત વીજળી મળી રહે અને ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા માટે અત્યારથી જ આયોજન કરવું જરૂરી છે.

આગામી સમયમાં નવા સબ સ્ટેશનો ઉભા કરવા જગ્યાઓની જરૂરિયાત માટે મહાનગરપાલિકા તથા સુડા સાથે સંકલન સાધીને



જગ્યાઓ મેળવવા જેટકોના અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત વેલ્યુએશનને આધારે પણ જગ્યાની ખરીદી કરી શકાય તેમ હોય તો શક્યતા ચકાસી આગળ વધવા જણાવ્યું હતું. જેટકોના અધિક્ષક ઈજનેર નવસારી શ્રી પી.એન.પટેલે વિગતો આપતા કહ્યું કે, સમગ્ર ગુજરાતમાં ૨૫ હજાર મેગાવોટ વીજ વપરાશ થાય છે, જે પૈકી ૩૨૦૦ મેગાવોટનો વીજ વપરાશ માત્ર સુરત સિટીમાં થાય છે. આગામી પાંચ વર્ષ માટે સુરત શહેરમાં અંદાજે ૫૨૦૦ મેગાવોટ વીજ વપરાશની જરૂરિયાત ઉભી થશે. જેથી વર્ષ ૨૦૩૦ સુધીમાં વીજ માંગને પહોચી વળવા માટે સુરત મનપા વિસ્તારમાં ૨૬ અને સુડા વિસ્તારમાં ૨૪ સબ સ્ટેશનો સ્થાપવા પડશે.

આ ઉપરાંત પલસાણા, ચોર્યાસી અને ઓલપાડના રેવન્યુ વિસ્તારમાં ૩૨ સબ સ્ટેશનોની જરૂરીયાત ઉભી થશે. મંત્રીશ્રીએ મોટા વરાછાના ઉત્રાણ પાસે પાવર સ્ટેશનની જગ્યા ખૂલ્લી કરીને રસ્તો બનાવવાની સૂચના આપી હતી. બેઠકમાં મેયરશ્રી દક્ષેશ માવાણી, ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈ, સંગીતાબેન પાટીલ, મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, ડીજીવીસીએલના એમ.ડી. યોગેશ ચૌધરી, જિ. વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, સુડાના સી.ઈ.ઓ. કે.એસ.વસાવા, શહેર સંગઠન પ્રમુખ પરેશ પટેલ, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી રાજન પટેલ, જેટકો, ડીજીવીસીએલ તથા મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.સંવાદદાતા વિજય મકવાણા સુરત

## વેપાર મુદ્દે અમેરિકા સાથે ડીલની તૈયારીમાં ભારત, ટ્રમ્પ સરકારે આપી આ મોટી ઓફર

ભારતે અમેરિકા સાથે પોતાનો ટેરિફ તફાવત ઘટાડી 4 ટકા સુધી કરવાની ઓફર મૂકી છે. હાલ ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ તફાવત આશરે 13 ટકા છે. સુત્રોના અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે ટૂંકસમયમાં જ આ મામલે ડીલ થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ બાદ ભારત સતત દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં સુધારો કરવા અમેરિકા સાથે ચર્ચા કરી રહ્યું છે. ભારત 90 ટકા અમેરિકી ગુડ્સને પ્રેફરેન્શિયલ એક્સેસ



આપવા તૈયાર છે.

વરિષ્ઠ અધિકારીઓ વોશિંગ્ટન જશે

મીડિયા રિપોર્ટ અનુસાર, ભારતના વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરવા આ મહિને વોશિંગ્ટન જશે. ગત મહિને વાણિજ્ય વિભાગના વિશેષ સચિવ અને મુખ્ય મધ્યસ્થી રાજેશ અગ્રવાલ અને દક્ષિણ-પશ્ચિમ એશિયા માટે સહાયક અમેરિકી વેપાર પ્રતિનિધિ બ્રેન્ડન લિંચે દ્વિપક્ષીય વેપાર કરાર મામલે ત્રણ દિવસીય બેઠક કરી હતી.ભારતે અમેરિકા સાથે પોતાનો ટેરિફ તફાવત ઘટાડી 4 ટકા સુધી કરવાની ઓફર મૂકી છે. હાલ ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ તફાવત આશરે 13 ટકા છે. સુત્રોના અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે ટૂંકસમયમાં જ આ મામલે ડીલ થઈ શકે છે.

## પાકિસ્તાનનું કાયરતાભર્યું કૃત્ય, 400 ડ્રોનના હુમલા સામે પેસેન્જર્સ પ્લેનને ઢાલ બનાવ્યા: ભારતીય વિદેશ મંત્રાલય

પહલગામ પર આતંકવાદી હુમલા બાદ ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને PoK સ્થિત આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ તથા ડ્રોનથી સ્ટ્રાઈક કરી હતી. ત્યાર બાદ પાકિસ્તાને પણ ભારતના અનેક શહેરો પર મિસાઈલથી હુમલો કરવાના પ્રયાસ કર્યા પરંતુ ભારતીય સેનાએ તમામ પ્રયાસ નિષ્ફળ બનાવ્યા. આ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી




ગયો છે. એવામાં વિદેશ મંત્રાલયે પત્રકાર પરિષદ કરીને વિવિધ જાણકારી આપી છે.

300થી 400 ડ્રોન છોડી એરસ્પેસનું ઉલ્લંઘન કર્યું

જનરલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું, કે મધ્ય રાત્રિએ પાકિસ્તાની સેનાએ ભારતીય એરસ્પેસનો ઉલ્લંઘન કર્યો અને નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો. પાકિસ્તાને 36 સ્થાનો પર 300થી 400 ડ્રોનથી હુમલાનો પ્રયાસ કર્યો. ભારતીય સેનાએ મોટા ભાગના ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા. ડ્રોનના કાટમાળની તપાસ કરવામાં આવી રહી છે, જોકે પ્રાથમિક જાણકારી અનુસાર આ ડ્રોન તુર્કીયેના છે.

## સુરત SGCCI દ્વારા 'લક્ષ્મી: ધનની, તનની અને મનની' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૦૭ મે ૨૦૨૫ ના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે 'લક્ષ્મી: ધનની, તનની અને મનની' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું, જેમાં પ્રખ્યાત લેખક, વક્તા તેમજ કોલમિસ્ટ શ્રી જય વસાવડાએ જીવનમાં લક્ષ્મીના સ્વરૂપો વિશે વિસ્તૃત સમજ આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, લક્ષ્મી એટલે માત્ર નાણાંની દેવી નહીં, પણ તે સૌંદર્ય, શક્તિ અને શાંતિનું પણ પ્રતીક છે. સાચા અર્થમાં, લક્ષ્મી એ જીવનના સર્વાંગી વિકાસની દિશા છે, જ્યાં ધન વ્યવસ્થિત હોય ત્યાં તન સ્વસ્થ હોય છે અને મન પ્રસન્ન - પ્રફુલ્લીત હોય છે. લક્ષ્મી માત્ર અર્થશાસ્ત્ર અથવા આત્મશાસ્ત્ર પૂરતી સીમિત નથી, પરંતુ આપણા દૈનિક જીવનના ત્રણ અત્યંત મહત્વપૂર્ણ પાસાઓ જેવા કે ધન, તન અને મનને સ્પર્શે છે.શ્રી જય વસાવડાએ જણાવ્યું હતું કે, 'સોશિયલ મીડિયાથી દૂર રહીને પોતાના કાર્યો પર ફોક્સ કરવામાં આવે તો સફળતા અને લક્ષ્મી બંને મળી શકે છે. આધ્યાત્મિક પુસ્તકો, વાર્તાઓના સારથી જીવન જીવવાની અને ધ્યેય પ્રાપ્ત કરવા માટેના નવા વિચારો મળે છે. કોઈ પણ બિઝનેસ, પ્રોજેક્ટમાં સફળતા મેળવવી હોય તો ન ગમતા લોકો સાથે પણ કામ કરવું શીખવું જોઈએ. નકારાત્મકતાથી દૂર રહેવું




જોઈએ. જીવનમાં કોઈ પણ કાર્યમાં સફળતા મળવા પહેલા મુશ્કેલીઓ આવતી હોય છે, તેનો સામનો કરવો મહત્વનો છે.

તેમણે માતા લક્ષ્મીના અમૃત મંથન વિશેની કથામાંથી કેટલાક મહત્વના પાસાઓ વિશે સમજ આપી હતી.'તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જીવનના લક્ષ્યાંકો મેળવવાના રસ્તાઓ પર આવતી નાની-નાની સફળતા પર થોભી જવાની જરૂર નથી. તેનાથી આગળ તમારો મુખ્ય હેતુ અને લક્ષ્યાંક પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. લક્ષ્યાંક મોટો હોય તો નાની સફળતાઓ પર ધ્યાન ન આપો.

વિઝન હંમેશા મોટું રાખવું જોઈએ. એક વાત યાદ રાખવી જોઈએ કે, પૈસા વગર સ્વતંત્રતા નહીં હોય. જીવનમાં ધનની લક્ષ્મી એટલે CDS C-Commitment (વચન બદ્ધતા), D-Discipline (શિસ્ત) and S-Sincerity (ઈમાનદારી) છે.'બિઝનેસ ત્યારે જ શક્ય છે, જ્યારે આરોગ્ય સારું હોય છે. ધનની સાથે તનની લક્ષ્મી પણ એટલી જ મહત્વની હોય છે. તનની સ્વસ્થતા વિના ધનની ઉપલબ્ધતા કંઈ કામનું રહેતું નથી.

જીવનમાં શ્વાસ કેટલા લીધા એ મહત્વના નથી પણ પ્રસંગો કેટલા જીવ્યા છે એ મહત્વનું છે તેમ તેમણે જણાવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ તેમજ ઉદ્યોગ સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.સંવાદદાતા વિજય મકવાણા સુરત

## તંત્રી લેખ



### જોખમી જુગાર આઈપીએલની સફળતાનો મોટો ઠેકેદાર

- ક્રિકેટનો ઉત્સવ ધીમે-ધીમે પણ ચોક્કસ રીતે યુવાધનને બરબાદી તરફ ધકેલી રહ્યો છે - સજ્જન, આબરૂદાર અને ખાનદાની લોકોની રમત એટલે ક્રિકેટ. પણ ઈન્ડિયન પ્રિમીયર લીગ (આઈપીએલ) ટુર્નામેન્ટથી એને કોમર્શિયલ સ્વરૂપ મળ્યું છે. ખેલાડી મશીનનો પૂરજો છે, તેની આવડત અનુસાર રમે એટલે તેના માલિકને કમાણી થવી જોઈએ. બધા રમે એટલે આયોજકને કમાણી જોઈએ અને આ બધા પાછળ સ્પોન્સર તરીકે નાણા ખર્ચનાર પણ ખરો જ. એક રમત જે ધર્મની જેમ દેશમાં પૂજાય છે તેમાં પૈસાનો દાવ લગાવી રમાડાતી ઓનલાઈન ગેમિંગ અને ગેમ્બલિંગ યુવાપેઢીને બરબાદી તરફ ધક્કો મારી રહી છે. આંતરરાષ્ટ્રીય રીતે કોઈપણ પ્રકારની માન્યતા વગર ઈન્ડિયન પ્રીમિયર લીગ ટી૨૦ ક્રિકેટને વિશ્વની સૌથી મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ ગણવામાં આવે છે. ૧૮ વર્ષથી ટુર્નામેન્ટ જાણે એક મહોત્સવ હોય એ રીતે ઉજવાય છે. ભારતમાં વિશ્વના ટોચના ખેલાડીઓ રમવા આવે છે અને તેની સાથે દેશના ખૂણેખૂણેથી, ક્યારેય સાંભળ્યું ન હોય એવા ખેલાડીઓને પણ ચાન્સ મળે છે. ક્રિકેટ, ક્રિકેટની રમત અને તેનાથી દેશના યુવાધનને વૈશ્વિક પ્લેટફોર્મ મળે એ રીતે ટુર્નામેન્ટનો વિચાર કરવામાં આવ્યો હતો. ટી૨૦ ક્રિકેટમાં આ રીતે માન્યતા વગર, પ્રોફેશનલ ટુર્નામેન્ટમાં આઈપીએલની સફળતા બાદ ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડિઝ, પાકિસ્તાન, દુબઈ અને હવે અમેરિકામાં ટી૨૦ લીગ શરૂ થયા છે. કેટલાક ખેલાડીઓ તો એવા છે કે હવે તે માત્ર પ્રોફેશનલ ટી૨૦ લીગ રમી અઢળક નાણા કમાય છે. જોકે, શોર્ટ ફોરમેટ, માત્ર ૨૦-૨૦ ઓવરની મેચ અને લગભગ ચાર કલાકમાં ફેંસલો એવી રમતની લોકપ્રિયતાની સાથે એમાં એક મોટું દૂષણ પ્રવેશ કરી રહ્યું છે. આટલા મોટા આયોજન માટે જંગી નાણા જોઈએ, ટીમના માલિકોને ખેલાડીઓને રમવા, શ્રેષ્ઠ પ્રદર્શન માટે તગડા વેતન ચૂકવવા પડે અને તેના માટે સ્પોન્સર જોઈએ. સ્પોન્સર તો જ નાણા રોકે જો ટીમ સારું પ્રદર્શન કરે. એક હાથ દે, ઓર દૂસરે હાથ સે બટોરની આ સિસ્ટમમાં હવે રીઅલ મની ગેમિંગ ઘુસી ગયું છે. આ ઓનલાઈન ગેમિંગનો એક એવો પ્રકાર છે જેમાં પ્રજા દાવ લગાવે અને ઈનામ કે રોકડ જીતી શકે. એટલે કે એક પ્રકારનો જુગાર, ગેમ્બલિંગ. ક્રિકેટની રમતની જેમ કાયદાની છટકબારીનો લાભ લેવામાં આવી રહ્યો છે. ગેમ્બલિંગ(જુગાર), બેટિંગ (સટ્ટો) અને ગેમિંગ વચ્ચે ભેદ છે એવી દલીલ છે. ગેમિંગ એટલે દાવ લગાવનાર પોતાની સમજણ અને ભૂતકાળના જ્ઞાનના આધારે ખેલાડીની કુશળતા નક્કી કરી દાવ લગાવે છે. જુગારમાં માત્ર દાવ લગાવવાનો હોય છે - પત્તાની બાજી આવશે કે નહીં, કોઈ ચોક્કસ આંકડો પસંદ કરી વગેરે. બેટિંગ કે સટ્ટો ગેમિંગનો જ એક પ્રકાર છે પરંતુ તેમાં ક્યારેક રમત રમનાર સાથે સેટિંગ ગોઠવાયેલું હોય છે. પહેલા આ બધી પ્રવૃત્તિઓ અડ્ડા ઉપર, મિત્રો સાથે મંડળી જમાવી કે કેસિનોમાં થતી. હવે તેનું ઓનલાઈન સ્વરૂપ આવ્યું છે. પોકર, ક્રિકેટ, રમી, તીનપત્તી, લૂડો જેવી રમતો ઓનલાઈન - વેબસાઈટ ઉપર કે મોબાઈલ એપમાં ઉપલબ્ધ છે. આમાં નોંધણી કરાવી, કેવાય્સી સબમિટ કરી લોકો દાવ લગાવી શકે છે. જીત કે હારની રકમ પળવારમાં ખાતામાં ડેબિટ કે ક્રેડિટ થઇ જાય છે. જીતની રકમ ઉપર, સત્તાવાર ઈન્કમ ટેક્સ પણ લેવામાં આવે છે

-દિલીપ નાનજીભાઈ પટેલ

# તમે વિચારવાયુથી પરેશાન છો?:'સુલઝી સોચ': પુસ્તક ઓવરથિંકિંગથી બચાવશે; લેખક ડેરિયસ ફરૂ કહે છે- ગૂંચવણો જીવનમાં નહીં, મનમાં હોય છે








PANKAJ B DOBARIYA

'સોલ્યુશન' એ ડચ લેખક ડેરિયસ ફરૂ દ્વારા લખાયેલ એક સેલ્ફ-હેલ્પ પુસ્તક છે. ડેરિયસ ફરૂ એક પ્રખ્યાત લેખક, બ્લોગર અને ઉદ્યોગસાહસિક છે. ડેરિયસ જીવન અને સેલ્ફ-હેલ્પ પર લખે છે.તેમનું પુસ્તક આપણા મનમાં ચાલી રહેલી મૂંઝવણ અને નકારાત્મક વિચારોથી છુટકારો મેળવવાના રસ્તાઓ વિશે વાત કરે છે.આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે સ્પષ્ટ વિચાર ધરાવતા લોકો ઓછા સંસાધનો અને ઓછા સમય છતાં જીવનમાં વધુ સફળ થાય છે. આ પાછળનું કારણ એ છે કે તેઓ મુશ્કેલ સમયમાં પણ ધીરજ જાળવી રાખે છે.આ પુસ્તક આપણે આપણા વિચારો કેવી રીતે સ્પષ્ટ રાખી શકીએ તે વિશે વાત કરે છે. ડેરિયસ ફરૂ તેમના અંગત જીવનના અનુભવો અને વ્યવહારુ ટિપ્સ દ્વારા આપણને માર્ગદર્શન આપે છે.જ્યારે ડેરિયસ ફરૂએ પોતાના વિચારને ઉકેલ્યોડેરિયસ ફરૂ કહે છે કે એક સમય હતો જ્યારે તેમનું મન હંમેશા કંઈક ને કંઈક વિચારતું રહેતું હતું અને તેઓ તણાવમાં રહેતા હતા. તે કહે છે, 'નાની નાની બાબતો વિશે વધુ પડતું વિચારવાની આદતથી હું પરેશાન રહેતો હતો અને તેની અસર મારા કામ પર પડતી હતી.'સંતુલિત વિચારસરણીની આદત કેવી રીતે અપનાવવીઆપણું મગજ શા માટે મૂંઝવણમાં મુકાય છે એના વિશે ડેરિયસ સમજાવે છે કે, આનાં બે મુખ્ય કારણો છે. પહેલી આપણી બિનજરૂરી ચિંતાઓ અને બીજી ધ્યાનનો અભાવ. જો આપણે આમાંથી છુટકારો મેળવવા માટે યોગ્ય પદ્ધતિઓ અપનાવીએ, તો જીવન વ્યવસ્થિત રહેશે.પુસ્તકના મુખ્ય મુદ્દાઓપુસ્તકમાં ઘણી મહત્ત્વપૂર્ણ બાબતોની ચર્ચા કરવામાં આવી છે, જે આપણા જીવનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. આમ છતાં, આપણે તેમને આપણા જીવનમાં અમલમાં મૂકી શકતા નથી. ચાલો આ બાબતોને ગ્રાફિક્સ દ્વારા સમજીએ.વિચારો પર નિયંત્રણઃ ડેરિયસ ફરૂ કહે છે કે આપણું મન ઘણીવાર જૂની ભૂલો યાદ રાખવા અથવા ભવિષ્યની ચિંતા કરવા જેવી બિનજરૂરી બાબતોમાં અટવાયેલું રહે છે.ડેરિયસ સલાહ આપે છે કે આપણે દરરોજ થોડો સમય કાઢીને એકાંતમાં શાંતિથી બેસીને ધ્યાન કરવું જોઈએ. જો કોઈ વિચાર તમને પરેશાન કરી રહ્યો હોય તો તમારે તે લખી લેવો જોઈએ.આના પરથી આપણે સમજી શકીએ છીએ કે કઈ બાબતો આપણા માટે જરૂરી છે અને કઈ નથી. ઉદાહરણ તરીકે, જો તમે વારંવાર નિષ્ફળતા વિશે વિચારતા હો, તો તેને લખી લો. તમારી ભૂલો શોધો અને તેમાંથી શીખો અને આગળ વધો.સકારાત્મક વિચારસરણીની આદતઃ ડેરિયસ કહે છે કે આપણે જે વિચારીએ છીએ તે બનીએ છીએ. આ બધી બાબતો આપણા જીવનમાં પણ દેખાવા લાગે છે. જો આપણે નકારાત્મક વિચાર કરીશું, તો આપણો દિવસ ખરાબ થઈ શકે છે.ડેરિયસ તેમના પુસ્તકમાં સૂચવે છે કે આપણે દરરોજ સવારે કેટલીક સકારાત્મક બાબતો વિચારવી જોઈએ, જેમ કે 'આજનો દિવસ મારા માટે સારો રહેશે' અથવા 'હું મારું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીશ.'આ નાની આદતો ધીમે ધીમે આપણી વિચારસરણી બદલવામાં મદદ કરે છે.તમારા અવ્યવસ્થિત મનને શાંત કરોઃ ઘણા લોકો વધુ પડતા વિચારવાની સમસ્યાથી પીડાતા હોય છે અને મનોસંઘર્ષ કરે છે. ડેરિયસ સૂચવે છે કે જ્યારે તમે તમારી જાતને ઈચ્છા વગર 'બિનજરૂરી' કોઈ બાબત વિશે ચિંતા કરતા જુઓ, ત્યારે પાંચ મિનિટ ઊંડા શ્વાસ લેવા અને તમારી આસપાસના વાતાવરણ પર ધ્યાન આપવા માટે કાઢો.જેમ કે, ફૂંકાતા પવનનો અવાજ કે પક્ષીઓના અવાજની. આનાથી તમને શાંતિ મળે છે અને તમે શાંતિથી તમારા વિશે વિચારી શકો છો. આ ઉપરાંત, વાંચવા કે લખવા માટે દરરોજ ઓછામાં ઓછા 20 મિનિટનો સમય કાઢો. નવા વિચારો વાંચવાથી અને તમારા વિચારો લખી રાખવાથી તણાવ ઓછો થાય છે.તમારા ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરોઃ ડેરિયસ કહે છે કે જ્યારે આપણી પાસે કોઈ ધ્યેય નથી હોતું, ત્યારે આપણે જીવનભર ભટકતા રહીએ છીએ. આવી સ્થિતિમાં, આપણે એક ધ્યેય નક્કી કરવો જોઈએ અને પછી આ ધ્યેયને નાના ભાગોમાં વહેંચવો જોઈએ.ઉદાહરણ તરીકે, જો તમે કોઈ નવું કૌશલ્ય શીખવા માગતા હો, તો દર અઠવાડિયે એક કલાક પ્રેક્ટિસ કરો અને તમારી પ્રગતિ પર નજર રાખો. આ તમને તમારું ધ્યાન કેન્દ્રિત રાખવામાં અને સફળતા તરફ આગળ વધવામાં મદદ કરે છે.આ પુસ્તક કેમ વાંચવું જોઈએપુસ્તકની ભાષા વાંચવામાં ખૂબ જ સરળ અને સુખદ છે, તેથી દરેક વ્યક્તિ તેને સરળતાથી સમજી શકે છે.પુસ્તકમાં દર્શાવેલ પદ્ધતિઓ રોજિંદા જીવનમાં ઉપયોગી છે, તેથી આ પુસ્તક ખૂબ જ ઉપયોગી છે.પુસ્તક ટૂંકું છે, તેથી તે ઝડપથી વાંચી શકાય છે. તેના મુદ્દાઓને આદત બનાવવા માટે તમે તેને વારંવાર વાંચી શકો છો.કેવા વાચકોને આ પુસ્તક નહીં ગમે?પુસ્તકમાં ઘણી જગ્યાએ સૈદ્ધાંતિક બાબતો લખવામાં આવી છે. આવી સ્થિતિમાં, વાસ્તવિક જીવનની ઘટનાઓ પર આધારિત પુસ્તકો વાંચનારા વાચકોને તે ગમશે નહીં.જો તમે પહેલાથી જ સેલ્પ-હેલ્પ બુક્સ વાંચી ચૂક્યા છો, તો પુસ્તકમાંની કેટલીક બાબતો તમને પુનરાવર્તિત લાગશે.આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિગત વિકાસ પર છે.

# દેખાદેખી સાધે જોગ, પડે પંડ ને લાધે રોગ:પેરેન્ટિંગ સાઇકોલોજિસ્ટ પાસેથી જાણો બાળકને ઠપકો આપ્યા વિના ખરાબ સંગતથી બચાવવાની ટીપ્સ




પ્રશ્ન- હું હરિયાણાથી છું. મારો દીકરો 11મા ધોરણમાં ભણે છે. શરૂઆતમાં તે ભણવામાં ઘણો સારો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેનું ભણવામાં મન નથી લાગી રહ્યું. સ્કૂલમાં કદાચ તેની મિત્રતા શ્રીમંત ઘરના લોકો સાથે થઈ રહી છે. તેની જીવનશૈલી અને ખાવાની ટેવ બદલાઈ રહી છે. અમે તેને કેવી રીતે સમજાવીએ કે, માતા-પિતા કરતાં મિત્રની વધુ નજીક રહેવું અને તેના પર વિશ્વાસ કરવો યોગ્ય નથી. મને આ અંગે માર્ગદર્શન આપો.નિષ્ણાતઃ રિદ્ધિ દોશી પટેલ, ચાઈલ્ડ એન્ડ પેરેન્ટિંગ સાઈકોલોજિસ્ટ, મુંબઈજવાબ-તમારી ચિંતા સ્વાભાવિક છે. આ ઉંમરે બાળક બહારની દુનિયાથી પ્રભાવિત થાય તે સામાન્ય છે. જ્યાં સુધી બાળક ઘરના લોકો વચ્ચે રહે છે, ત્યાં સુધી તે પરિવારની રીત-ભાત અપનાવે છે પણ જેવું તે બહારની દુનિયામાં પગ મૂકે છે, નવા મિત્રો, અલગ જીવનશૈલી અને બીજી ઘણી બાબતો તેના વિચારસરણીને અસર કરવા લાગે છે.આ પ્રભાવ સકારાત્મક અને નકારાત્મક બંને હોઈ શકે છે. જોકે, બાળક બહારની દુનિયામાં કેવા પ્રકારના લોકોને મળશે, તે શું જોશે અને શું શીખશે તેના પર આપણું નિયંત્રણ નથી પરંતુ આપણે ચોક્કસપણે એ ખાતરી કરી શકીએ છીએ કે, આપણે તેને ઘરે શું શીખવી રહ્યાં છીએ અને તેને કેવા પ્રકારના સંસ્કાર આપી રહ્યા છીએ.બાળકો તો બહારની દુનિયાથી પ્રભાવિત થશે જબાળકો દુનિયાની ઘણી બધી બાબતોથી પ્રભાવિત થાય છે. જ્યારે તે ઘરની બહાર જાય છે, ત્યારે અનેક લોકોને મળે છે અને વિવિધ પ્રકારના મિત્રો બનાવે છે. આ ઉપરાંત જુદા જુદા ગીતો અને ફિલ્મો જેવી બાબતો બાળકના વિચાર અને તેની જીવનશૈલીને અસર કરે છે.પરંતુ અહીં પ્રશ્ન એ છે કે, આપણે કેવી રીતે ખાતરી કરીશું કે, બાળક જે વસ્તુઓના સંપર્કમાં આવી રહ્યું છે, તેની સકારાત્મક અસર પડે. તેનો જવાબ એ છે કે, આપણે ગેરેંટી આપી શકતા નથી કે બાળકના જીવનમાં જે કંઈ આવશે તે સારું કે સકારાત્મક હશે. નકારાત્મક બાબતો પણ આવશે. સારા મિત્રોની સાથે ખરાબ મિત્રો પણ બનશે.બાળક સાથે મૈત્રીપૂર્ણ સંબંધ જાળવોબાળકને નકારાત્મક પ્રભાવોથી બચાવવા માટે મજબૂત પાયો બનાવવો જરૂરી છે. આ ત્યારે જ શક્ય છે, જ્યારે ઘરે જે કંઈ શીખવવામાં આવે છે કે કહેવામાં આવે છે, તે એટલું મજબૂત હોય કે બીજી વસ્તુઓ તેના પર પ્રભુત્વ ન મેળવી શકે. તેનો અર્થ એ થયો કે, બહારની વસ્તુઓ ખૂબ પ્રભાવશાળી ન બને, ઘરનો પ્રભાવ મોટો હોવો જોઈએ.તેના માટે સૌથી જરૂરી એ છે કે, બાળકનો પ્રથમ મિત્ર, જેની સાથે તે સૌથી વધુ લાગણી અનુભવે છે, તે મિત્ર નહીં પરંતુ માતા-પિતા હોવા જોઈએ. માતા-પિતાની જવાબદારી છે કે, તે બાળક સાથે એવો પ્રેમાળ સંબંધ બાંધે કે બાળક કોઈપણ બીક વિના તેમની સાથે બધું શેર કરી શકે.સરમુખત્યાર ન બનો, બાળકની લાગણીઓને સમજોજો માતા-પિતા સરમુખત્યાર બની જાય અને બાળકને આદેશ આપતા રહે, તો બાળકને લાગશે કે માતા-પિતા તેની લાગણીઓ સમજી શકતા નથી. આ સ્થિતિમાં બાળક માતા-પિતા સાથે કંઈપણ શેર કરવાનું બંધ કરી દે છે. તે બહારના લોકોની નજીક જાય છે, તેમની સાથે ગાઢ મિત્રતા બનાવે છે અને સરળતાથી તેમના પ્રભાવમાં આવી જાય છે. અહીંથી જ સમસ્યા શરૂ થાય છે. તેથી, પેરેન્ટિંગમાં કેટલીક સામાન્ય ભૂલો ન કરવી જરૂરી છે.બાળકને તમારી સ્થિતિ સમજાવોઆ ઉપરાંત બાળકને ધીમે ધીમે સરળ રીતે સમજાવો કે, જે છોકરાઓ આટલા પૈસા ખર્ચે છે અને વૈભવી જીવન જીવે છે, તે શ્રીમંત પરિવારોના છે. આપણે એક મધ્યમ વર્ગીય પરિવાર છીએ. આપણો પગાર ઓછો છે. બાળકને એ પણ સમજાવો કે, કઈ બાબતો આપણા માટે મહત્વપૂર્ણ છે. આપણા માટે સખત મહેનત અને અભ્યાસ કેમ જરૂરી છે.જો બાળક એવા લોકોથી પ્રભાવિત થઈ રહ્યું છે, જે તેના કરતાં વધુ ધનિક અને સમૃદ્ધ છે, તો તેને કહો કે, દુનિયામાં એવા ઘણાં બાળકો છે, જેમની પાસે તમારા કરતાં ઘણા ઓછા પૈસા છે. તું સારી સ્કૂલમાં ભણે છે પરંતુ ઘણાં બાળકો એવા છે, જે સક્ષમ છે પણ ભણવા માટે શાળાએ જઈ શકતા નથી. તેમને પુસ્તકો મળી શકતા નથી. તેમને તક મળતી નથી.બાળકને કહો કે, તે પોતાની પાસે જે છે, તેનાથી સંતુષ્ટ રહીને સખત મહેનત કરે, જેથી એક દિવસ તે પેલા બાળકો કરતાં પણ વધુ ધનવાન બની શકે. તેને કહો કે સાચું સુખ બાહ્ય દેખાવમાં નહીં પણ પોતાના પરિશ્રમ દ્વારા મળેલી સફળતામાં રહેલું છે.બાળકને તમારી આર્થિક સ્થિતિથી વાકેફ કરાવોબાળકને જણાવો કે, આપણી આર્થિક સ્થિતિ તેમના જેટલી નથી. અમે કેટલું કમાઈએ છીએ, કેવી રીતે જીવીએ છીએ, તારાથી કંઈ છુપાયેલું નથી. તેમાં પણ, અમે અમારા પૈસાનો મોટો ભાગ તારા શિક્ષણ અને જીવનની અન્ય મહત્વપૂર્ણ બાબતોમાં ખર્ચ કરીએ છીએ.એકંદરે, મૂળ વાત બાળકને મૂલ્ય શીખવવાની છે અને આ ફક્ત મિત્રતા અને પ્રેમ દ્વારા જ શક્ય છે. ઉપરાંત યોગ્ય સંગત પણ બાળકના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ માટે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.બાળકને એ પણ જણાવો કે શ્રીમંત પરિવારના બાળકો પણ તેને ખોટા રસ્તે દોરી શકે છે. તેથી, કોઈપણ મિત્રની પસંદગી સમજદારીપૂર્વક કરવી જોઈએ.અંતમાં હું કહીશ કે, માતા-પિતાનો પ્રેમ અને મિત્રતા એ બાળકને બાહ્ય નકારાત્મક પ્રભાવોથી બચાવવા માટેનું સૌથી મજબૂત શસ્ત્ર છે. જ્યારે તમે તમારા વર્તનમાં ફેરફાર કરો છો, તમારી વિચારસરણી અને શીખવવાની રીત બદલો છો, ત્યારે બાળક ચોક્કસપણે શીખશે અને સાચા માર્ગ પર ચાલશે. બાળકો દુનિયાની ઘણી બધી બાબતોથી પ્રભાવિત થાય છે. જ્યારે તે ઘરની બહાર જાય છે, ત્યારે અનેક લોકોને મળે છે અને વિવિધ પ્રકારના મિત્રો બનાવે છે. આ ઉપરાંત જુદા જુદા ગીતો અને ફિલ્મો જેવી બાબતો બાળકના વિચાર અને તેની જીવનશૈલીને અસર કરે છે.પરંતુ અહીં પ્રશ્ન એ છે કે, આપણે કેવી રીતે ખાતરી કરીશું કે, બાળક જે વસ્તુઓના સંપર્કમાં આવી રહ્યું છે, તેની સકારાત્મક અસર પડે.

## જામનગરના નવા નાગનાગામમાં રમકડાનું ડ્રોન દેખાતા લોકોમાં ફફડાટ, પોલીસ ધંધે લાગી



જામનગર નજીક નવા નાગના ગામમાં શુક્રવારે (આઠમી મે) સવારે 11.30 વાગ્યાના અરસામાં એક ડ્રોન જોવા મળ્યું હોવાની વાતો વહેતી થઈ હતી. જેના કારણે લોકોમાં ભારે ફફડાટનો માહોલ સર્જાયો હતો. આ મામલે પોલિસને જાણ કરતા પોલીસ સ્ટાફ નવા નાગના ગામે પહોંચીને તપાસ શરૂ કરી હતી. મળતી માહિતી અનુસાર, એક ખેડૂત ડ્રોન લઈને પોતાના ઘેર પહોંચ્યો છે, એવી વાત થઈ હતી. જેથી પોલીસ વિભાગ દ્વારા તાબડતોબ તે ખેડૂત યુવાનને શોધી લેવામાં આવ્યો હતો, અને તેણે ડ્રોન પોતાના ઘેર ચાર્જમાં મૂક્યું હોવાની માહિતીના આધારે પોલીસે તેના ઘરે પહોંચી જઈ તપાસ કરતા ડ્રોન રમકડાનું હોવાનું સામે આવ્યું હતું. જેથી સમગ્ર પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો અને રાહતનો શ્વાસ લીધો છે. નવા નાગના ગ્રામજનોને પણ પોલીસે આશ્વાસન આપીને રમકડાનું ડ્રોન હોવાનું જણાવ્યું હતું.

## પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે વડોદરા પોલીસ સજ્જ, સિક્યુરિટી એજન્સીઓ સાથે મહત્ત્વની બેઠક યોજી



વડોદરાઃ ભારત પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તનાવપૂર્ણ સ્થિતિ વચ્ચે વડોદરા શહેરમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પોલીસ સજ્જ થઈ છે. ત્યારે એક પછી એક વિભાગો સાથે બેઠકો કરવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, ગુરૂવારે (અઠમી મે) મોડી સાંજે પોલીસ કમિશનરે મહત્ત્વના ઔદ્યોગિક એકમો, ફાયર વિભાગ,એરપોર્ટ સહિતની સીઆઈએસએફના અધિકારીઓ તેમજ વિવિધ સિક્યુરિટી એજન્સીઓના અધિકારીઓ સાથે મહત્ત્વની બેઠક યોજી હતી. પોલીસ કમિશનરે તમામ એજન્સીઓને સુરક્ષા અને સલામતીનું ઓડિટ કરવા માટે સૂચના આપી ઈમરજન્સી વખતે શું કરવું અને કેવી રીતે સંકલનમાં રહેવું તેવા મુદ્દા સહિતની કેટલીક મહત્ત્વની માર્ગદર્શિકા આપી હતી.

## અરવલ્લીમાં નિવૃત્ત PSIએ દીકરા સાથે વરઘોડા પર કર્યું ફાયરિંગ, 9 વર્ષની બાળકી સહિત ત્રણ લોકો ઈજાગ્રસ્ત




ગુજરાતના અરવલ્લી જિલ્લામાં ગોળીબારની ઘટના સામે આવી છે. ભિલોડાના ભાણમેર ગામમાં વરઘોડા દરમિયાન ફાયરિંગ કરવામાં આવ્યું હતું. નિવૃત્ત PSI કનૈયાલાલ બરંડા અને તેમના દીકરા વૈભવે સર્વિસ રિવોલ્વરથી 5-6 રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. જેમાં એક 3 લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ પણ વાંચોઃ ઉત્તરકાશી હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોટી અપડેટ, મૃતક પાઈલટ વડોદરાનો હતો, પાર્થિવદેહ લેવા પરિજનો રવાના ફાયરિંગમાં 3 લોકો ઈજાગ્રસ્ત અરવલ્લીમાં ભાણભેર ગામમાં વરઘોડામાંથી પરત ફરી રહેલા લોકો પર અચાનક ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ફાયરિંગ નિવૃત્ત PSI કનૈયાલાલ બરંડા અને તેમના દીકરા વૈભવે સર્વિસ રિવોલ્વરથી લોકો પર 5-6 રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. જેમાં એક 9 વર્ષની બાળકી, એક આધેડ અને એક યુવક ઈજાગ્રસ્ત થયો છે. ફાયરિંગના કારણે ત્યાં નાસભાગ મચી ગઈ હતી.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે ભિલોડા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, તબિયત લથડતા તેમને હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ પણ વાંચોઃ મોટો નિર્ણય : ચંડોળા તળવામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોને EWS આવાસ ફાળવાશે પોલીસે હાથ ધરી તપાસ ઘટનાની જાણ થતાં ભિલોડા પોલીસ અને એલસીબીની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ, ફાયરિંગ કરનાર બંને પિતા-પુત્ર સામે FIR દાખલ કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, હુમલાનું કારણ જૂની અદાવત હોવાનું સામે આવ્યું છે. જોકે, સમગ્ર મામલે પોલીસે સ્થાનિકોના નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પતિના મોતથી વ્યથિત પત્નીએ ગળા ફાંસો ખાઈને આપઘાત કર્યો




વડોદરા,એક વર્ષ પહેલા થયેલા પતિના અવસાન પછી દુખી રહેતી પત્નીએ આજે સવારે ઘરે પંખા પર લટકીને જીવન ટૂંકાવી દીધું હતું.

જ્યારે માણેજામાં એકલતાના કારણે વૃદ્ધે આપઘાત કર્યો હતો. અટલાદરા વચનામૃત રેસિડેન્સીમાં રહેતા ૫૬ વર્ષના રતના અસિતભાઈ દેબે બે પુત્રો અને પૂત્રવધૂ સાથે રહેતા હતા. આજે સવારે ઘરે પંખા પર દોરડા વડે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું.

જે અંગે અટલાદરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.વસાવાએ વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળી છે કે, રતનાબેનના પતિનું એક વર્ષ અગાઉ અવસાન થયું હતું. ત્યારથી તેઓ વ્યથિત રહેતા હતા. તેના કારણે જ તેમણે જીવન ટૂંકાવી દીધું હોવાની શક્યતા છે. જ્યારે અન્ય એક બનાવની વિગત એવી છે કે, માણેજા ડ્રીમ રેસિડેન્સીમાં રહેતા ૬૬ વર્ષના ચંદ્રકાંતભાઈ રામભાઉ હીરે અગાઉ કોઓપરેટિવ બેન્કમાં નોકરી કરતા હતા.

પત્નીના અવસાન પછી પિતા અને પુત્ર એકલા જ રહેતા હતા. સવારે પુત્ર નોકરી જતો રહે પછી તેઓ ઘરે એકલા જ રહેતા હતા.

ગઈકાલે રાતે ચંદ્રકાંતભાઈએ ગળા ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું. એકલતાના કારણે તેમણે આપઘાત કર્યો હોવાની શક્યતા પોલીસ દ્વારા સેવાઈ રહી છે.

## વી.એસ.હોસ્પિટલમાં 22 સફાઈ કામદારોને વગર કામે વર્ષે 1.32 કરોડ પગાર ચૂકવાય છે! ધમકીને લીધે અધિકારીઓ ચૂપ

વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ સાથે સંકળાયેલી એનએચએલ મેડિકલ કોલેજમાં હાઉસ કીપિંગનો કોન્ટ્રાક્ટ અંદાજે સાત વર્ષ પહેલા આપવામાં આવ્યો હતો. ત્યારથી સફાઈકામદાર તરીકે નિયમિત નોકરી કરતાં 22 કર્મચારીઓએ કામ કરવાનું લગભગ બંધ જ કરી દીધું છે. કામ કર્યા વિના મહિને અંદાજે 50,000ની આસપાસનો કર્મચારી દીઠ પગાર લઈને સંસ્થા પર બોજ વધારી રહ્યા છે. આમ 22 કર્મચારી મળીને મહિને અંદાજે 11 લાખ રૂપિયાની આસપાસનો અને વર્ષે દહાડે એનએચએલ કોલેજની તિજોરી પર 1.32 કરોડ રૂપિયાનો બોજ વધારે છે. છેલ્લા સાતેક વર્ષથી આ બોજ વેંઢારવામાં આવી રહ્યો છે. કર્મચારીઓએ કામ બંધ કરી માત્ર પગાર લેવાનું ચાલુ કર્યું દરેક કર્મચારી માટે બાયોમેટ્રિક હાજરી પૂરવી ફરજિયાત હોવા છતાંય આ સફાઈ કામદારો ગમે ત્યારે આવીને રજિસ્ટરમાં સહી કરીને આમતેમ રખડી ખાય છે. ડિપાર્ટમેન્ટના વડા પણ તેમને કોઈ કામ સોંપી શકતા નથી, કારણ કે તેઓ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદની ધમકી આપીને ડરાવી રહ્યા છે.



બીજીતરફ નોકર મંડળ પણ તેમના પક્ષે રહીને મોટા મોટા અધિકારીઓ સામે બાંયો ચઢાવતુ હોવાથી મોટા અધિકારીઓ સફાઈ કામદારોની દરેક હરકત સામે આંખ આડા કાન કરી રહ્યા છે.

ડિપાર્ટમેન્ટના વડા કે પછી કોઈ ઉપરી અધિકારી તેમને ખખડાવે તો નોકર મંડળના કલ્પેશ મકવાણા તરત જ તેમનું ઉપરાણું લઈને અધિકારી સાથે બાખડવા પહોંચી જાય છે. તેથી સફાઈ કામદાર પણ નોકર મંડળના હોદ્દેદારોને ખુશ રાખીને તેમનો પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરી રહ્યા છે. પરિણામે આઉટ સોર્સિંગથી કામ કરતાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓ મૂંગે મોઢે બધી જવાબદારી અદા કરી રહ્યા છે. તેની સામે કાયમી થઈ ગયેલા સફાઈ કામદાર કામ જ કરતાં નથી.

મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ ડિપાર્ટમેન્ટને પણ આ સંદર્ભમાં એક ફરિયાદ આપવામાં આવી છે. એનાટોમી, ફિઝિયોલોજી, ફોરેન્સિક સહિતના 15થી 20 ડિપાર્ટમેન્ટને માટે સફાઈ કામદારો લાયેબિલિટી અને માથાનો દુઃખાવો બની ગયા છે. ફિઝિયોલોજી ડિપાર્ટમેન્ટના એક સફાઈ કામદાર તો છેલ્લા 7 વર્ષથી માત્ર હાજરી પૂરીને બહાર ચાલ્યા જાય છે. એનએચએલ કોલેજના સી.સી.ટી.વી. ફૂટેની ચકાસણી કરીને આ હકીકતને જોઈ શકાય છે. તમામ 22 સફાઈ કામદારના સી.સી.ટી.વી. ફૂટેજ અને બાયોમેટ્રિક હાજરીને ચકાસણી કરવાથી આ કૌભાંડ બહાર આવી શકે છે. હોસ્પિટલના સંખ્યાબંધ અધિકારીઓ પણ તેમની દાદાગીરીથી ત્રાસી ગયા છે તેથી તેમનાથી છૂટકારો મેળવવા માગી રહ્યા છે. દરેક કર્મચારી માટે બાયોમેટ્રિક હાજરી પૂરવી ફરજિયાત હોવા છતાંય આ સફાઈ કામદારો ગમે ત્યારે આવીને રજિસ્ટરમાં સહી કરીને આમતેમ રખડી ખાય છે. ડિપાર્ટમેન્ટના વડા પણ તેમને કોઈ કામ સોંપી શકતા નથી.

## ભારત-પાકિસ્તાન સંઘર્ષ વચ્ચે ગુજરાત સરકારે યોજી ઈમરજન્સી બેઠક, સરહદી સુરક્ષાની કરી સમીક્ષા



પહલગામ હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે. ભારતમાં પાકિસ્તાન તરફથી થઈ રહેલી ગતિવિધિઓ અને ભારતીય સેનાના વળતા જવાબ બાદ દેશની દરેક સરહદોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગુજરાત રાજ્ય પણ સરહદી વિસ્તાર હોવાના કારણે પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યની સરહદોની સુરક્ષા અંગે માહિતી મેળવી હતી. ગૃહ રાજ્યમંત્રીએ મેળવી સ્થિતિની જાણકારી આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રીએ સંબંધિત જિલ્લાના કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડા સાથે ટેલિફોનિક વાતચીત કરી અને સ્થાનિક સ્થિતિ વિશે જાણકારી મેળવી હતી. આ સિવાય કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને પેનિક ન થાય તે વિશે ખાસ તકેદારી રાખવા જરૂરી સાવચેતીના પગલાં ભરવાની સૂચના અપાઈ હતી. ભારતમાં પાકિસ્તાન તરફથી થઈ રહેલી ગતિવિધિઓ અને ભારતીય સેનાના વળતા જવાબ બાદ દેશની દરેક સરહદોની સુરક્ષા .

## સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરાઈ, ગુજરાતના મુખ્યમંત્રીની PM મોદી સાથે ટેલિફોનિક વાતચીત



ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ સ્થિતિમાં બનાસકાંઠા,પાટણ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મારી સાથે ટેલિફોનિક વાતચીત કરીને સરહદ પર સર્જાયેલી પ્રવર્તમાન તણાવની સ્થિતિમાં ગુજરાતની સરહદી રાજ્ય તરીકેની સજ્જતા તથા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા આગોતરા આયોજનની વિગતો મેળવી હતી અને આ સંદર્ભમાં જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ' વડાપ્રધાને ખાસ કરીને પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલા કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં નાગરિકોની સુરક્ષા સલામતીના રાજ્ય સરકાર દ્વારા લેવાયેલાં પૂરતાં પગલાઓ અંગેની પણ વિગતો મેળવી હતી. તો બીજી તરફ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે આજે (શુક્રવારે) બેઠક યોજવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રીએ સરહદી જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરી હતી અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં સ્થિતિ અને સતર્કતા સંદર્ભે ચર્ચા કરી હતી.

જેમાં કચ્છ, પાટણ અને બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તથા એસપી સાથે સમીક્ષા કરી હતી. લોકજાગૃતિ અભિયાન શરૂ કરવા સૂચના લોકોમાં ખોટો ભય કે દહેશત ન ફેલાય અને અફવાઓથી લોકો ગેરમાર્ગે ન દોરાય તે માટે લોકજાગૃતિ અભિયાન શરૂ કરવા પણ સૂચવ્યું હતું. લોકોને પણ સરકારના વિવિધ વિભાગોના અધિકૃત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આપવામાં આવતી સત્તાવાર માહિતી અને સમાચારો અને સૂચનાઓ પર ધ્યાન આપવાનો તેમણે અનુરોધ કર્યો હતો. ખાસ કરીને સરહદી વિસ્તારો કે ગામોમાં કોઈપણ સંદિગ્ધ ગતિવિધિઓ, શંકાસ્પદ વસ્તુઓ કે વ્યક્તિઓ વિશે માહિતી મળે તો તુરંત જ. તંત્ર એલર્ટ મોડ પર રહીને તત્કાલ કાર્યવાહી કરે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

## તળાવનું પઝેશન કોનું એ જવાબ નથી છતાં ચંડોળા તળાવમાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોને EWS આવાસ ફળવાશે



દાણીલીમડા વોર્ડમાં આવેલા ચંડોળા તળાવની જગ્યાનું હાલમાં કોની પાસે પઝેશન છે એનો મ્યુનિ.તંત્રના અધિકારીઓ જવાબ આપતા નથી.તળાવની જગ્યામાં ૧૦ હજાર કાચા-પાકા ગેરકાયદે દબાણ યથાવત છે.૨.૫૦ લાખ ચોરસમીટર જગ્યામાં કામગીરી કરવાની બાકી છે. આમ છતાં તળાવની જગ્યામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોનો સર્વે કરી ઈ.ડબ્લ્યુ. એસ. યોજના હેઠળ ૧ ડિસેમ્બર-૨૦૧૦ પહેલાથી રહેતા હોવાના પુરાવા રજૂ કરનારાને આવાસ ફાળવવા સ્ટેન્ડિંગ કમિટીમાં તાકીદની દરખાસ્ત મંજૂર કરાઈ છે.તળાવની જગ્યામાં બાકી રહેતા દબાણ દુર કરવાની કામગીરી ટૂંક સમયમાં શરુ કરાશે.૧૧ લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા ચંડોળા તળાવની જગ્યામાં અંદાજે ચાર લાખ ચોરસમીટર જગ્યામાં ગેરકાયદેસર કાચા-પાકા બાંધકામ અને દબાણ કરાયા હતા. આ પૈકી ૧.૫૦ લાખ ચોરસમીટર જગ્યા ખુલ્લી કરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી આટોપી લેવામાં આવી હતી.ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(એસ્ટેટ) રિધ્ધેશ રાવલે કહયુ,તંત્ર દ્વારા કરવામાં આવેલા ડ્રોન સર્વેમાં હજુ ૨.૫૦ લાખ ચોરસમીટર જગ્યામાં કામગીરી કરવાની બાકી છે.અગાઉ ડીમોલીશનની કામગીરી સમયે ચાર હજાર કાચા-પાકા બાંધકામના ગેરકાયદે દબાણ દુર કરાયા હતા. એક અંદાજ મુજબ ૧૫ હજાર લોકો તળાવની જગ્યામાં વસવાટ કરે છે.વર્ષ-૨૦૧૫માં અમદાવાદ કલેક્ટર દ્વારા તળાવની જગ્યામાં કરાયેલા સર્વેમાં ૮૫૦૦ લોકો વસવાટ કરતા હતા.તળાવની જગ્યાનું પઝેશન હાલમાં કોની પાસે છે એ અંગે તેઓએ જવાબ આપવાનુ ટાળ્યુ હતુ.તળાવની ચોકકસ કેટલી જગ્યા છે એ જાણવા કલેક્ટર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડીમાર્કેશનની કામગીરી શરુ કરવામાં આવી છે. આવાસની ફાળવણી પહેલા પોલીસ વેરીફીકેશન કરાવાશે

ચંડોળા તળાવની જગ્યામાં હાલમાં ગેરકાયદે રહેતા લોકોને સ્વૈચ્છીક રીતે ઘરવખરી,માલસામાન લઈ જઈ સ્વૈચ્છાએ મકાન ખાલી કરવા મ્યુનિ.તંત્રે સુચના આપવી શરુ કરી છે.તળાવની જગ્યામાં ગેરકાયદે રહેતા લોકો બાંગ્લાદેશી છે કે અ અંગે જાણવા પોલીસ વેરીફીકેશન કરવા ઉપરાંત સર્વે કરાવાશે.

ત્રણ લાખ કે તેથી ઓછી આવકનુ પ્રમાણપત્ર અને પુરાવા રજૂ કરવા પડશે ચંડોળા તળાવની જગ્યામાં ૧ ડીસેમ્બર-૨૦૧૦ પહેલાથી રહેતા લોકોએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના હેઠળ બંધાયેલા આવાસ મેળવવા નિયત ફોર્મ ભરી વાર્ષિક આવક રુપિયા ત્રણ લાખ કે તેથી ઓછી હોવા અંગેનુ પ્રમાણપત્ર અને અન્ય જરુરી પુરાવા રજૂ કરવા પડશે.પુરાવાની ચકાસણી પછી પાત્રતા ધરાવતા લોકોને આવાસ ફળવાશે.રાજય સરકાર ચંડોળા તળાવ પાણીથી ભરવા માંગે છે ચંડોળા તળાવની જગ્યામાં બે દિવસ ડીમોલીશન પછી કામગીરી આટોપી લેવાઈ હતી.અચાનક હવે મ્યુનિ.તંત્રે ફરીથી તળાવની જગ્યા ખાલી કરવા ડીમોલીશન કરાશે એવી જાહેરાત કરી છે. તળાવની જગ્યામાં રહેતા લોકોને પુરાવાની ચકાસણી પછી આવાસ ફાળવવા જાહેરાત કરાઈ છે. દરમિયાન મ્યુનિ.ના નાયબ મ્યુનિસિપલ કમિશનરે કહયુ, રાજય સરકાર ચંડોળા તળાવને પાણીથી ભરવા માંગે છે અને બ્યુટીફિકેશન કરવા માંગે છે તેથી તળાવની જગ્યામાં બંધાયેલા ગેરકાયદે બાંધકામ,દબાણને દુર કરવામા આવશે.

## ભાવનગરમાં પાણીની સમસ્યા યથાવત, છેલ્લા બે માસમાં 200થી વધુ ફરિયાદ




ઉનાળાની ગરમીમાં પાણી સમસ્યા વધુ જોવા મળતી હોય છે તેથી ઉનાળામાં સરકારી તંત્રને દોડધામ વધી જતી હોય છે, આવુ જ ચિત્ર હાલ ભાવનગર મહાપાલિકાના વોટર વર્કસ વિભાગમાં જોવા મળી રહ્યુ છે. વોટર વર્કસ વિભાગમાં છેલ્લા બે માસથી શહેરના વિવિધ વિસ્તારોમાંથી પાણીની ફરિયાદ વધી છે, જેના કારણે વોટર વર્કસ વિભાગના સ્ટાફની કામગીરી વધી ગઈ છે. ઉનાળામાં પાણી માંગ વધતા દર વર્ષે પાણી પ્રશ્ન જોવા મળતો હોય છે. શહેરમાં છેલ્લા બે માસથી ઉનાળાની આકરી ગરમી પડી રહી છે અને ગરમી વધતા પાણીનો પોકાર શરૂ થઈ જતો હોય છે.

શહેરમાં દરરોજ પીવાના પાણીની ૮ થી ૧૦ ફરિયાદ વોટર વર્કસ વિભાગને મળી રહી છે અને કેટલાક દિવસે ઓછી પણ ફરિયાદ હોય છે. છેલ્લા બે માસમાં ૨૦૦થી વધુ પાણીની ફરિયાદ તંત્રને મળી હોવાનુ વોટર વર્કસ વિભાગના સુત્રોએ જવ્યું હતું. તંત્ર દ્વારા પાણી પ્રશ્ન હલ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પાણી ઓછુ આવી રહ્યુ છે, સમયસર પાણી આવતુ નથી સહિતની ફરિયાદ તંત્રને મળતી હોય છે તેથી તંત્ર દ્વારા સ્થળ પર જઈ તપાસ કરવામાં આવે છે અને પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કરવામાં આવતા હોય છે. ઘણી સમસ્યા હલ થઈ જતી હોય છે, જયારે કેટલીક સમસ્યા હલ ન થતી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. ઉનાળામાં પાણીનો વપરાશ વધી જતો હોય છે તેથી પાણી વગર લોકોને ચાલતુ નથી પરંતુ ઉનાળામાં જ પાણી ઓછુ આવતા લોકોમાં કચવાટ ફેલાતો હોય છે. પાણી સમસ્યા ના સર્જાય તે માટે તંત્ર દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવે છે પરંતુ તેમ છતા થોડી થોડી પાણીની ફરિયાદ રહેતી જ હોય છે.

## રાજકોટ બાયપાસ રોડ પર લૂંટ ચલાવનાર પાંચ આરોપી ઝડપાયા



સુરેન્દ્રનગર શહેરમાં રાજકોટ બાયપાસ રોડ પર પાંચ શખ્સો દ્વારા લોખંડના પાઈપ, છરી, પથ્થરો સહિતના હથિયારો વડે એક બાઈકચાલકને મારમારી રોકડ રકમની લુંટ ચલાવી હતી.પોલીસે ગુનો નોંધી પાંચેય આરોપીને ઝડપી પાડયા હતા. રાજકોટ બાયપાસ રોડ પર રહેતા ઉમેશભાઈ વજુભાઈ ઉલવા બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ખાનગી પાર્ટી પ્લોટ પાસે પાંચ જેટલા શખ્સોએ રોકી લોખંડના પાઈપ, છરી, ચામડાનો પટ્ટો, પથ્થરો બતાવ્યા હતા અને ઉમેશભાઈને પકડી રાખી ખીસ્સામાંથી રોકડ રૂા.૫,૦૦૦ની લુંટ ચલાવી હતી તેમજ રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકોને પણ ઉભા રાખી વાહનોના કાચ તોડી નુકશાન પહોંચાડયું હતું. જેની ફરિયાદ નોંધાતા વઢવાણ પોલીસે લુંટ તેમજ મારમારનાર કૌશીક વિઠ્ઠલભાઈ સોલંકી, યશ હિંમતભાઈ ઉર્ફે પપ્પુભાઈ સોલંકી (બંને રહે.લીમલી), આનંદભાઈ ઉર્ફે આનંદો ઉર્ફે તરૂણ રમેશભાઈ મકવાણા (રહે.જોરાવરનગર), વરૃણ ઉર્ફે અનસુ વિજયભાઈ ચૌહાણ (રહે.ગણપતિ ફાટસર) અને જીગ્નેશ ઉર્ફે જેકી હસમુખભાઈ પારધી (રહે.રતનપર)ને ઝડપી પાડયો હતો.

# ગુજરાતમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મહત્ત્વની બેઠક યોજાઈ, ખોટી અફવાઓ પર ધ્યાન નહીં આપવા અપીલ

ભારત પાકિસ્તાન વચ્ચે ઊભા થયેલા યુદ્ધ તણાવની સ્થિતિમાં આજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, સેનાની ત્રણેય પાંખના અધિકારીઓ તથા ઉપસ્થિત રહ્યા અને બીએસએફના આઈજી અને પોલીસ વડા વિકાસ સહાય ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ સરહદી જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરી હતી અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં સ્થિતિ અને સતર્કતા સંદર્ભે ચર્ચા કરી હતી. જેમાં કચ્છ, પાટણ અને બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તથા એસપી સાથે સમીક્ષા કરી હતી, જેમાં રાજ્યના અન્ય જિલ્લાઓના કલેક્ટર એસપી પણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. Nextઆ પણ વાંચો: ભારત-પાકિસ્તાન સંઘર્ષ વચ્ચે ગુજરાતના કચ્છ અને બનાસકાંઠામાં 7 કલાક સુધી બ્લેકઆઉટદેશ વિરોધી અને ભડકાઉ પોસ્ટ પર પોલીસની નજરગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે 'ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ગુરુવારે સોશિયલ મીડિયા દેશવિરોધી પોસ્ટ કરનારા ચાર સામે ફરિયાદ કરાઈ છે. પોલીસના ધ્યાનમાં આવી કોઈ પોસ્ટ આવશે તો કાર્યવાહી કરવાની પણ સૂચના અપાઈ છે. સોશિયલ મીડિયા પર



ભડકાઉ કે દેશવિરોધી પોસ્ટ પર પોલીસની નજર છે.' તંત્રને જરૂરી વસ્તુઓ અને ફ્યુઅલનો પુરવઠો સંગ્રહ કરવા સૂચનમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈમરજન્સીની સ્થિતિમાં સંપર્ક જળવાઈ રહે તે માટે હોટલાઇન, સેટેલાઈટ ફોન જેવા દૂરસંચાર અને સંપર્કના વૈકલ્પિક માધ્યમોની ચકાસણી કરી લેવાની પણ તાકીદ કરી હતી. હાલની તણાવપૂર્ણ સ્થિતિમાં સંબંધિત જિલ્લાના સરહદી ગામોના ઈવેક્યુએશન પ્લાન કાર્યરત કરવા સાથોસાથ નાગરિક સંરક્ષણની સજ્જતા, સુરક્ષિત સ્થાનો-સેફ હાઉસની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંસાધનોનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવા પણ બેઠકમાં સૂચનાઓ અપાઈ હતી. નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓનો અને પેટ્રોલ-ડીઝલ સહિતનો પુરવઠો મેળવવામાં કોઈ તકલીફ ન રહે તે માટે સંબંધિત જિલ્લા અને તંત્ર વાહકોને આ જથ્થાનો પૂરતો સંગ્રહ તકેદારીના ભાગરૂપે કરી લેવા પણ સૂચનો કર્યા હતા. આરોગ્ય વિભાગ અને વાહન વ્યવહાર વિભાગ પણ પૂરી વ્યવસ્થાઓ અને મેન પાવર સાથે કોઈ પણ વિકટ સ્થિતિને પહોંચી વળવા સજ્જ રહે તેવા નિર્દેશો આપ્યા હતા. સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી લેવા તેમજ મોબીલાઈઝેશન અને ચેતવણી માટેની વ્યવસ્થા ચકાસી લેવાની સ્પષ્ટ સૂચના પણ જિલ્લાના વડાઓને આપી હતી. લોકજાગૃતિ અભિયાન શરુ કરવા સૂચનાઆ દરમિયાન નાગરિકોને ખોટી માહિતી અને અફવાઓથી પણ દૂર રહેવાની અપીલ કરાઈ હતી. લોકોમાં ખોટો ભય કે દહેશત ન ફેલાય અને અફવાઓથી લોકો ગેરમાર્ગે ન દોરાય તે માટે લોકજાગૃતિ અભિયાન શરુ કરવા પણ સૂચવ્યું હતું. લોકોને પણ સરકારના વિવિધ વિભાગોના અધિકૃત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આપવામાં આવતી સત્તાવાર માહિતી અને સમાચારો અને સૂચનાઓ પર ધ્યાન આપવાની અપીલ કરી હતી. ખાસ કરીને સરહદી વિસ્તારો કે ગામોમાં કોઈપણ શંકાસ્પદ ગતિવિધિઓ, વસ્તુઓ કે વ્યક્તિઓ વિશે માહિતી મળે તો તુરંત જ તંત્ર એલર્ટ મોડ પર રહીને તાત્કાલિક કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું.

## ઉનાળો અદ્રશ્ય, હવામાન ટાઢુબોળ: સુરેન્દ્રનગરમાં ઝાપટુ



સુરેન્દ્રનગર અને વઢવાણ સહિત શહેરી વિસ્તારમાં સતત ચોથા દિવસે બપોર બાદ મોડી સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પવન સાથે વરસાદ નોંધાયો હતો.એકાએક વાતાવરણમાં આવેલા પલ્ટા સાથે વરસતા કમોસમી વરસાદથી ખેતરો પણ પાણી-પાણી થતાં ખેતીપાકને નુકસાનનો ભય ઉભો થયો છે. આજે દિવસના આંશિક તડકો નીકળ્યા બાદ રાત્રિના ફરી ધોધમાર ઝાપટું વરસી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી ૯ તારીખ સુધી કમોસમી વરસાદની આગાહી વચ્ચે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડી રહ્યો છે. સતત ચોથા દિવસે સુરેન્દ્રનગર અને વઢવાણ સહિતના શહેરી વિસ્તારોમાં સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને પવન સાથે ધોધમાર કમૌસમી વરસાદ ખાબક્યો હતો જ્યારે વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી અને લોકોએ પણ ગરમીથી રાહત અનુભવી હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મે માસમાં સામાન્યથી અધિક તાપમાનના પૂર્વાનુમાનથી વિપરીત બદલાયેલા ક્લાઈમેટથી આશ્ચર્યજનક રીતે સૌથી વધુ ગરમીનો મહિના મે માસમાં ઉનાળા પર ઠંડુ પાણી ફરી વળ્યું છે અને હવામાન ટાઢુબોળ થઈ ગયું છે. મૌસમ વિભાગ અનુસાર સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, સોમનાથ, બોટાદ, કચ્છ, સુરેન્દ્રનગર સહિત તમામ જિલ્લા તેમજ દિવ પંથકમાં આગામી ત્રણ દિવસ સુધી કલાકના ૪૦થી ૫૦ કિ.મી.સુધીની ઝડપે તીવ્ર પવન અને ગાજવીજ સાથે માવઠાંની ચેતવણી જારી કરાઈ છે. જ્યારે આ સાથે જ આગામી બે સપ્તાહ સુધી હીટવેવની હાલ કોઈ શક્યતા નથી.

## મોટો નિર્ણય : ચંડોળા તળવામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોને EWS આવાસ ફાળવાશે



દાણીલીમડા વોર્ડમાં આવેલા ચંડોળા તળાવની જગ્યાનું હાલમાં કોની પાસે પઝેશન છે એનો મ્યુનિ.તંત્રના અધિકારીઓ જવાબ આપતા નથી.તળાવની જગ્યામાં 10 હજાર કાચા-પાકા ગેરકાયદે દબાણ યથાવત છે. 2.50 લાખ ચોરસમીટર જગ્યામાં દબાણ હટાવવાની કામગીરી કરવાની બાકી છે. આમ છતાં તળાવની જગ્યામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોનો સર્વે કરી ઈ.ડબ્લ્યુ. એસ. યોજના હેઠળ 1 ડિસેમ્બર-2010 પહેલાથી રહેતા હોવાના પુરાવા રજૂ કરનારાને આવાસ ફાળવવા સ્ટેન્ડિંગ કમિટીમાં તાકીદની દરખાસ્ત મંજૂર કરાઈ છે. તળાવની જગ્યામાં બાકી રહેતા દબાણ દુર કરવાની કામગીરી ટૂંક સમયમાં શરુ કરાશે એમ જાણવા મળ્યું છે. 2.50 લાખ ચો.મી. જગ્યા અને 10000 કાચા-પાકા ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી હજી બાકી છે 11 લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા ચંડોળા તળાવની જગ્યામાં અંદાજે ચાર લાખ ચોરસમીટર જગ્યામાં ગેરકાયદેસર કાચા-પાકા બાંધકામ અને દબાણ કરાયા હતા.

આ પૈકી 1.50 લાખ ચોરસમીટર જગ્યા ખુલ્લી કરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી આટોપી લેવામાં આવી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(એસ્ટેટ) રિદ્ધેશ રાવલે કહયુ,તંત્ર દ્વારા કરવામાં આવેલા ડ્રોન સર્વેમાં હજુ 2.50 લાખ ચોરસમીટર જગ્યામાં કામગીરી કરવાની બાકી છે. અગાઉ ડિમોલીશનની કામગીરી સમયે ચાર હજાર કાચા-પાકા બાંધકામના ગેરકાયદે દબાણ દુર કરાયા હતા. એક અંદાજ મુજબ 15 હજાર લોકો તળાવની જગ્યામાં વસવાટ કરે છે.

વર્ષ-2015માં અમદાવાદ કલેકટર દ્વારા તળાવની જગ્યામાં કરાયેલા સર્વેમાં 8500 લોકો વસવાટ કરતા હતા.તળાવની જગ્યાનું પઝેશન હાલમાં કોની પાસે છે એ અંગે તેઓએ જવાબ આપવાનુ ટાળ્યુ હતુ. તળાવની ચોકકસ કેટલી જગ્યા છે એ જાણવા કલેકટર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડીમાર્કેશનની કામગીરી શરુ કરવામાં આવી છે. આવાસની ફાળવણી પહેલા પોલીસ વેરિફીકેશન કરાવાશે ચંડોળા તળાવની જગ્યામાં હાલમાં ગેરકાયદે રહેતા લોકોને સ્વૈચ્છીક રીતે ઘરવખરી,માલસામાન લઈ જઈ સ્વૈચ્છાએ મકાન ખાલી કરવા મ્યુનિ.તંત્રે સુચના આપવી શરુ કરી છે.તળાવની જગ્યામાં ગેરકાયદે રહેતા લોકો બાંગ્લાદેશી છે કે આ અંગે જાણવા પોલીસ વેરિફીકેશન તેમજ સર્વે કરાવાશે.

## ચિલ્ડ્રન પાર્કની બદતર હાલત, નવી કચરાપેટીઓ પણ કાટ ખાવા લાગી



નડિયાદ શહેરમાં બાગ બગીચાઓની દેખરેખ જાળવણી પાછળ લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવતો હોવા છતાં મનપા કમ્પાઉન્ડમાં આવેલો ચિલ્ડ્રન પાર્ક તેમજ ગાર્ડન વેકેશન માણી રહેલા બાળકોના આનંદ પ્રમોદ માટે ખુલ્લો મુકવામાં આવે તેવી લોકોએ માંગ કરી છે. આ પાર્કમાં નવી કચરાપેટીઓ કાટ ખાવા લાગી છે અને ગંદકીથી ઉભરાયેલો જોવા મળે છે તેમાં છતાં સ્થાનિક તંત્ર કોઇ પગલા ભરતું નથી. એક બાજુ પશ્ચિમ વિસ્તારમાં તળાવોના બ્યુટીફિકેશન, વોક વે તેમજ બાગ બગીચાઓ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ નડિયાદ શહેરના પૂર્વ વિસ્તારમાં બાગ બગીચાઓ ઉજ્જડ બની રહ્યા છે. મહાનગરપાલિકાના કમ્પાઉન્ડમાં નગરપાલિકા દ્વારા સંતરામ બેન્કના સહયોગથી ૧૯૯૩ માં ચિલ્ડ્રન પાર્કનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ચિલ્ડ્રન પાર્કની દેખરેખ જાળવણી પાછળ છેલ્લા ઘણા વર્ષોથી દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. આ ચિલ્ડ્રન પાર્ક ગંદકી કચરાથી ખદબદી રહ્યો છે. એટલું જ નહીં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી હજારો રૂપિયાના ખર્ચે વસાવવામાં આવ્યો નવી કચરાપેટીઓનો પણ ઉપયોગ થઇ રહયો નથી. મહાનગરપાલિકાના કમ્પાઉન્ડમાં જ ચિલ્ડ્રન તેમજ બાગની ભંગાર હાલત ઉભી થઇ છે. હાલમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે. ત્યારે બાળકો આનંદ પ્રમોદ માણી શકે તે માટે વ્યવસ્થા કરવા.

## અપહરણ-છેડતીની ફરિયાદ થતાં પોલીસે માસુમ મહિડાનું રિ-કન્સ્ટ્રકશન કર્યું



નડિયાદની પરણીત મહિલાની છેડતી, દબાણ અને અપહરણના કેસમાં કુખ્યાત માસુમ મહિડા વિરુધ ફરિયાદ નોંધાતા મહિલા પોલીસ કર્મીઓએ ઘટનાનું રિ- કન્સ્ટ્રકશન કર્યુ હતું. રિ- કન્સ્ટ્રકશન અને પંચનામા માટે આરોપીને વલ્લભનગરથી પોતાના મકાનમાં અને ત્યાંથી તેના ટુંડેલ નજીકના ફાર્મ હાઉસમાં લઇ જવાયો હતો.

પીડિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તે જાન્યુઆરી મહિનામાં પોતાનું વાહન લઈ ઘરેથી નીકળ્યા તે દરમિયાન ઈડન ગાર્ડન વિસ્તારમાં રહેતા માસુમ કાલુભાઈ મહીડાએ રસ્તામાં ઉભી રાખી તેમનું નામ પૂછ્યું હતું. બાદમાં પીડિતાને તેના પતિનું નામ જણાવી અને તેમના પતિ ખૂબ મોટી રકમના દેવામાં ફસાઈ ગયો છે અને તે તકલીફમાં મૂકાઈ જશે, તેમ જણાવી વાત કરવી છે, તેમ કહ્યું હતું. પીડિતાએ પૂછતા માસુમે જણાવ્યું હતું કે, અત્યારે મારી પાસે સમય નથી તમે તમારો નંબર આપો પછી હું તમને મોડા જણાવીશ, તેમ કરી પીડિતાનો નંબર મેળવ્યો હતો. તે બાદ ચારેક દિવસ પછી માસુમે પીડિતાના નંબર અને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કર્યા હતા. તેમજ અવાર નવાર મેસેજ કરતો હતો. પીડિતા જવાબ ન આપે તો આ માસુમ તેની ગાડી લઈ અને તેના ઘર પાસે આંટા મારતો હતો. માર્ચ મહિનામાં પીડિતા માઈ મંદિર ખાતે દર્શન કરવા નીકળી ત્યારે માસુમે પાછળ ગાડી લઈ આવીને હાથ પકડીને ગાડીમાં બેસાડી દીધી હતી. તેમજ પીડિતાની મરજી વિરુદ્ધ તેની પર બળજબરીથી પકડીને સેલ્ફી પાડી હતી. પીડિતાએ બુમાબુમ કરવાની બીક બતાવતા તેને ઉતારીને માસુમ ચાલ્યો ગયો હતો.

## ચોરાઉ મોબાઈલ સાથે ચાર ઈસમોને પોલીસે ઉઠાવી લીધા



ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે અલગ અલગ વિસ્તારમાંથી ચોરી કરેલા ચાર ઈસમોને ચાર મોબાઈલ મળી કુલ રૂ.૭૪ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ભાવનગર સિટી અને ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ મોબાઈલ ચોરીના ગુનામાં મનિષ અરવિંદભાઈ મકવાણા (ઉ.વ.૨૩ રહે. કણબીવાડ, ભાવનગર ),દિનેશ બિજલભાઈ વાઘેલા (ઉ.વ. ૪૦ રહે. બ્રહ્મકુંડ પાસે, શિહોર),અજીત બટુકભાઈ પરમાર (ઉ.વ.૨૮ રહે.હાલ સ્ટેશન રોડ, ગેટની બાજુમાં જૂપડ પટ્ટીમાં, ઢસા) તથા દિપક દેવજીભાઈ બથવાર ( ઉ.વ.૪૨ રહે.બોરડીગેટ, ત્રિમુખી હનુમાન પાસે, ભાવનગર)ને ચોરી કરેલા ચાર મોબાઈલ મળી કુલ રૂ.૭૪,૯૯૮ ન મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉત્તરકાશી હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોટી અપડેટ, મૃતક પાઈલટ વડોદરાનો હતો, પાર્થિવદેહ લેવા પરિજનો રવાના



ચારધામ યાત્રા વચ્ચે ગુરૂવારે (8 મે) ઉત્તરકાશી જિલ્લામાં હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. મુસાફરો ચારધામ યાત્રા પર ગયા હતા અને તેમને બરસાલીથી ગંગોત્રી પામ જવાનું હતું. હેલિકોપ્ટર ખાનગી કંપની એરોટ્રાન્સનું હતું. આ 7 સીટર હેલિકોપ્ટર ગંગોત્રી પાસે ક્રેશ થયું હતું. દુર્ઘટનામાં વડોદરાના પ્રતાપગંજ વિસ્તારમાં રહેતા 59 વર્ષીય પાઈલટ રોબિન સિંહનું પણ મોત નીપજ્યું હતું. રોબિન સિંહ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી એરોટ્રાન્સ કંપનીમાં પાઈલટ તરીકે ફરજ બજાવતા હતા. તેમનો આખો પરિવાર વડોદરા ખાતે રહે છે. દુર્ઘટનાની જાણ પરિવાર તુરંત ઉત્તરકાશી જવા રવાના થયો હતો. રોબિન સિંહના બે ભાઈ અને બે બહેનો છે, તેમની પત્ની હાઉસવાઈફ છે અને પુત્રી અભ્યાસ કરે છે, જ્યારે નાનો ભાઈ બેંગ્લોર ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. આ ઘટનાથી પરિવાર તથા સંબંધીઓને ઘેરો આઘાત લાગ્યો છે. મોટા ભાઈ રિકા સિંહ રોબિનનો પાર્થિવદેહ વડોદરા લાવવા માટે ઉત્તરકાશી જવા નીકળ્યા છે. આ પણ વાંચો: ભારત-પાકિસ્તાનના તણાવ વચ્ચે ગુજરાત સરકારની ઈમર્જન્સી બેઠક, સરહદી વિસ્તારોની સુરક્ષાની સમીક્ષા મુખ્યમંત્રીના હેલિકોપ્ટરના પાઈલોટ તરીકે સેવા આપી ચૂક્યા છે કેપ્ટન રોબિન સિંહ એરફોસ ગૃપ કેપ્ટન હતા, બે વર્ષ સુધી તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હેલિકોપ્ટરના પાઈલટ તરીકે ફરજ બજાવી હતી. નિવૃત્ત થયા બાદ તેઓ ખાનગી કંપનીમાં સેવા આપી રહ્યા હતા. સપ્તાહ અગાઉ બે મહિના માટે તેઓ દહેરાદુન ગયા હતા. આ પણ વાંચો: મોટો નિર્ણય : ચંડોળા તળવામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોને E W S આવાસ ફાળવાશે હવામાન વિભાગનું એલર્ટ નોંધનીય છે કે, ઉત્તરકાશીમાં છેલ્લાં ઘણાં સમયથી વાતાવરણ ખરાબ છે. હવામાન વિભાગે આ માટે એલર્ટ પણ જાહેર કર્યું હતું. ચારધામ યાત્રાના રસ્તામાં અનેક જગ્યાએ ભારે વરસાદના સમાચાર પણ સામે આવ્યા હતાં.

## જામનગર અને દ્વારકા જિલ્લાના 17 ગામોમાં વીજ પુરવઠો ઠપ



જામનગર શહેર અને જિલ્લામાં ગઈકાલે સાંજે એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો, અને પવનની સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. જેના કારણે વીજ તંત્રને ભારે અસર થઈ હતી. પ્રથમ વરસાદ પડતાની સાથે જ જામનગર જિલ્લાના અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ ૧૭ ગામોમાં થોડો સમય માટે અંધારપટ છવાયો હતો. ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત કાલાવડ અને ધ્રોલ પંથકના કુલ ૧૭ ગામોમાં સાંજે છ વાગ્યા આસપાસથી વીજ પુરવઠો ખોરવાયો હતો. જોકે રાત્રિના સાડા નવ વાગ્યા સુધીમાં તમામ ગામોમાં સમારકામની કામગીરી હાથ ધરી લેવામાં આવી હતી, અને મોટા ભાગે વીજ પુરવઠો રાબેતા મુજબ શરૂ થઈ ગયો છે. સમગ્ર જિલ્લાના ગઈકાલે પવનના કારણે પાંચ વીજપોલ ધરાશાઈ થયા હતા. જોકે તે તમામ સ્થળે પણ મરામતની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી હતી. જામનગર શહેર અને બાજુના ગ્રામ્ય વિસ્તારમાં પણ ગઈકાલે સાંજે વરસાદ પડતાની સાથે જ એકી સાથે ૨૧ ફીડરમાં ફોલ્ટ આવ્યો હતો, અને વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેથી વીજ તંત્રને દોડધામ થઈ હતી. તમામ સ્થળો પર રાત્રિના ૧૦ વાગ્યા સુધીમાં સમારકામની કામગીરી પૂર્ણ કરી લેવાઈ હતી, અને વીજ પુરવઠો રાબેતા મુજબ બની ગયો હતો. ખાસ કરીને જામનગરના પાંચહાટડી વિસ્તારમાં વરસાદ પડવાના કારણે ટ્રાન્સફોર્મરમાં પાણી અને ઓઈલનું મિશ્રણ થવાના કારણે તણખા ઝરવાના શરૂ થયા હતા, અને છેક ઉપર વાયરો સુધી ભડકા પહોંચવાના કારણે આતશબાજી જેવા દ્રશ્ય સર્જાયા હતા, અને થોડો સમય માટે લોકોમાં નાસભાગ થઈ ગઈ હતી. વીજ તંત્રને જાણ થવાથી તુરત જ આ વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો.

# ટ્રકની અંદર ચોરખાના માંથી 12.40 લાખનો દારૂ ઝડપાયો




સાયલા તાલુકામાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના ઉપરાછાપરી દરોડા બાદ સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાંચ હરકતમાં આવી ગોસાળ ગામ પાસેથી ટ્રકમાંથી ૧૨.૪૦ લાખનો દારૂ ઝડપી પાડયો છે સુરેન્દ્રનગર એલસીબી પોલીને પેટ્રોલિંગમાં દરમિયાન બાતમી મળી હતી કે અમદાવાદથી રાજકોટ દારૂ ભરીને ટ્રક જઈ રહી છે. સાયલા તાલુકાના ગોસળ ગામના પાટીયા પાસે દ્વારકાધીશ હોટલ નજીક બંધ બોડીની એક ટ્રકમાં ચોરખાનુ બનાવી અંદર ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરેલો છે. તેવી બાતમીનના આધારે બાતમીવાળા ટ્રકને રોકી તપાસ કરતા અંદરથી વિદેશી દારૂ કુલ ૧૬૨૦ બોટલ (કિં.રૂ.૧૨,૪૦,૯૨૦), એક ટ્રક (કિં.રૂ.૧૦ લાખ), એક મોબાઈલ (કિં.રૂ. ૫૦૦૦) તથા રોકડ રૂ. ૭૯૫૦ મુળી કુલ રૂ. ૨૨,૫૩,૮૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી એક શખ્સ રૂપારામ હેમારામ જાટને ઝડપી પાડયો હતો.

એલસીબીની ટીમે ઝડપાયેલી આરોપી રૂપારામ હેમારામ જાટ (રહે.પોખરાસણ ઉમેકી ઢાણી, જિ.બાડમેર) સહિત માલ મોકલનાર, રમેશકુમાર મગારામ જાટ (રહે. પોખરાસણ, જિ,બાડમેર) તથા ટ્રક માલિક એમ કુલ ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે. છેલ્લા ઘણા સમય પછી અન્ય ટીમોની કામગીરીને લઈ એલસીબી હરકતમાં આવીને કામગીરી કરી હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એસએમસીની ટીમે ૪૨ દિવસમાં ત્રણ દરોડા પાડી મોટા પ્રમાણમાં દારૂનું કટિંગ અને ગેરકાયદે કેમિકલ ચોરી ઝડપી પડયું હતું.

# ભારત-પાકિસ્તાન સંઘર્ષ વચ્ચે ગુજરાતના કચ્છ અને બનાસકાંઠામાં 7 કલાક સુધી બ્લેકઆઉટ



ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. બુધવારે મોડી રાત્રે કાશ્મીર,પંજાબ અને રાજસ્થાન પર પાકિસ્તાને ડ્રોન એટેક જ નહીં, પણ મિસાઈલો છોડી હતી. આ જોતાં કેન્દ્ર સરકારે આદેશ કરતાં મોડી રાત્રે કચ્છમાં બ્લેકઆઉટ કરાયું હતું. એટલું જ નહીં, જ્યાં સુધી નવા આદેશ ન આવે ત્યાં સુધી રોજ કચ્છમાં રાત્રે બ્લેકઆઉટ કરવામાં આવશે. યુદ્ધની સ્થિતિને જોતાં બનાસકાંઠા,પાટણ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકાના 12 ગામ અને વાવ તાલુકાના 12 ગામમાં પણ બ્લેકઆઉટ કરાયું છે. લોકોને ઘર-સલામત સ્થળે રહેવા સૂચના,સેના-તંત્ર સતર્ક મોડી રાત્રે પાકિસ્તાને પંજાબ-રાજસ્થાન અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં ડ્રોન એટેક અને મિસાઈલ હુમલો કરતાં કેન્દ્રીય ગૃહ વિભાગે સરહદી વિસ્તારોને સતર્ક રહેવા આદેશ આપ્યો હતો. કેન્દ્રના આદેશને પગલે નલિયા,નખત્રાણા સહિત સમગ્ર કચ્છમાં અંધારપટ છવાયો હતો. શહેરી વિસ્તારોમાં જ નહી, ગ્રામ્ય વિસ્તારોમાં ય લાઈટો બંધ કરી દેવામાં આવી હતી. સ્થાનિક તંત્રે લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરી હતી. સમગ્ર સરહદી વિસ્તારોમાં લશ્કરી દળોએ મોરચો સંભાળ્યો છે. પાકિસ્તાનની તમામ લશ્કરી હરકત પર બાજ નજર રાખવામાં આવી છે. ભૂજ એરપોર્ટ પર વાયુસેના એલર્ટ પર છે. કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા સેના સજ્જ છે. ગાંધીનગર કંટ્રોલ રૂમથી સમગ્ર સ્થિતિનું મોનિટરિંગ યુદ્ધની પરિસ્થિતિમાં કેવી સાવચેતી રાખવી તે અંગે લોકોને જ મોકડ્રીલમાં જ સમજ આપવામાં આવી હતી. ગુરૂવારે પણ સરહદી વિસ્તારોમાં લોકોને સલામત સ્થળે રહેવા સૂચના અપાઇ હતી. બનાસકાંઠા અને પાટણના સરહદી ગામોના લોકોને પણ યુદ્ધની સ્થિતિથી વાકેફ કરી સાવચેત કરાયાં છે. કલેક્ટર સહિત સ્થાનિક તંત્ર સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યુ છે. સરહદી વિસ્તારોની ખાનગી-સરકારી હોસ્પિટલોને પણ ડોક્ટરો,પેરા મેડિકલ સ્ટાફથી સજ્જ રખાઇ છે. દવાનો પુરતો જથ્થો મોકલી દેવાયો છે. વીજપુરવઠો ખોરવાય તો વૈકલ્પિક વ્યવસ્થા પણ સ્થાનિક તંત્રે ગોઠવી દીધી છે. પાટનગર ગાંધીનગર કંટ્રોલરૂમથી સમગ્ર સ્થિતિનું મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# લીંબડીના રાસકા પાસેથી 1590 લીટર બાયોડીઝલ સાથે 3 ઝડપાયા



લીંબડી-રાજકોટ હાઈવે પર રાસકા ગામના પાટિયા પાસે આવેલી નર્મદા કેનાલ નજીકથી લીંબડી ડીવાયએસપી સહિતની ટીમ દ્વારા ૧૯૫૦ લીટર બાયોડીઝલ તથા ૬૨૦ બોરી ચોખા, ૪ વાહન, ૨ મોબાઈલ ફોન તથા ૧ મોટર મળીને કુલ રૂપિયા ૯૫.૫૦ લાખનાં મુદ્દામાલ સાથે ૩ શખ્સોને ઝડપી પાડયા હતા. અન્ય ૩ શખ્સો નાસી છુટયા હતા. લીંબડી રાજકોટ અમદાવાદ હાઈવે પરની હોટલોમાં બુટલેગરો દ્વારા ગેરકાયદે રીતે બાયોડીઝલ વેચાણ થતું હોવાની ફરિયાદ ઉઠતા લીંબડી ડીવાયએસપી વી.એમ રબારી તથા પીઆઈ સહિતના પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ ધરવામાં આવ્યું હતું. જેમાં બાતમીના લીંબડી-રાજકોટ હાઈવે પર આધારે રાસકા ગામના બોર્ડ થી રાસકા ગામ તરફ જતા રોડ પર નર્મદાની કેનાલ પાસે રવિરાજસિંહ રણજીતસિંહ ઝાલા (રહે. સૌકા) ગેરકાયદે રીતે બાયોડીઝલ ટેન્કરમાં લાવીને હાઈવે રોડ પર ચાલતા ટ્રક ચાલકોને વેચાણ કરી રહ્યો છે. તેવી બાતમીના આધારે લીંબડી ડીવાયએસપી વી.એમ રબારી તથા પીઆઈ સહિતના પોલીસ સ્ટાફ પોલીસે બાતમી વાળી જગ્યાએ દરોડો પાડયો હતો.પોલીસના દરોડામાં રવિરાજ રણજીતસિંહ ઝાલા (રહે. સૌકા), સુનીલ બદ્ધિગીરી ગોસ્વામી (રહે. ભીલખેડી, ભાગોર મધ્ય પ્રદેશ), દેવીલાલ માંગીલાલ કસન (રહે.સુજાલપુર મધ્ય પ્રદેશ) સહિતના ને ઝડપી પાડી ૧૫૯૦ લીટર બાયોડીઝલ (કિ.રૂ.૧,૧૯,૨૫૦), ૪ વાહન (કિં.રૂ.૬૪ લાખ), ચોખાની ૬૨૦ બોરી (કિં.રૂ. ૨૦,૧૮,૨૫૦), કલર ડોલો તથા બેરલો (કિ.રૂ.૧૦,૦૦,૦૦૦), બે મોબાઈલ (કિં.રૂ. ૮,૦૦૦) એક મોટર (કિં.રૂ. ૫,૦૦૦) મળીને કુલ રૂપિયા ૯૫,૫૦,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ બાયોડીઝલ ભરી આપનાર વોન્ટેડ ઈરફાન ઉર્ફે ઈમરાન (રહે. કચ્છ, ભુજ) તથા નાશી છુટનાર એક ટ્રક ચાલક તથા એક ટેન્કર ચાલક સહિત તપાસમાં ખુલ્લે તે તમામ શખ્સો વિરૂદ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.એસએમસીના દરોડામાં વોન્ટેડ આરોપી બાયોડીઝલ સાથે ઝડાપયો૨૧મી એપ્રિલ ૨૦૨૫ના રોજ વૃંદાવન હોટલ તથા અન્ય એક હોટલના કમ્પાઉન્ડમાંથી ગાંધીનગર એસએમસી દ્વારા દરોડા પાડીને ભેળસેળ યુક્ત ડીઝલ તથા લોખંડના સળિયા સહિત ૧.૨૪ કરોડના મુદ્દામાલ સાથે સાત શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં બંને હોટલના માલિકોને પોલીસે વોન્ટેડ બતાવ્યાં હતાં. પરંતુ લોક મુખે ચર્ચાઈ રહ્યું હતું જે સમયે એસએમસી દરોડો પાડયો હતો તે સમયે એક આરોપી લીંબડી પોલીસ સ્ટેશનમાં નજીક તેમ છતાં પોલીસે તેને નાસ્તો બતાવ્યો હતો. તે દરોડામા રવિરાજ રણજીતસિંહ ઝાલા (રહે. સૌકા)ને પોલીસે વોન્ટેડ બતાવ્યો હતો.

# બુદ્ધદેવ સર્કલ પાસે યુવાન પર પાંચ શખ્સે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી




ભાવનગર શહેરના ખેડૂતવાસ વિસ્તાર ખાતે આવેલ બુદ્ધદેવ સર્કલ પાસે ગુરૂવારે સાંજના ૬.૩૦ કલાકે પાંચ શખ્સે યુવાનને તિક્ષણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા.એસપી સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.અને યુવાને લોહીલુહાણ હાલતે પોલીસ વાનમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.જ્યારે પોલીસે એક શખ્સને સ્થળ પરથી ઉઠાવી લીધો હતો. આ બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર આ હત્યાના બનાવની વિગતો આપતા ડીવાય.એસ.પી. આર આર સિંઘલ જણાવ્યું હતું કે,શહેરના બુદ્ધદેવ સર્કલ પાસે પ્લોટના પ્રકરણે વિશાલભાઈ બુધાભાઇ વાજા ( ઉ.વ.૨૫ રહે ખેડૂતવાસ,ભાવનગર) ને આ જ વિસ્તાર ખાતે રહેતા રવિ, મહેશ,વલ્લભ ગેરેજવાળા,રાજેશ અને દિનેશ સાથે પ્લોટ બાબતે બોલાચાલી થઈ હતી.તેની દાઝ રાખી ઉપરોક્ત પાંચ શખ્સે વિશાલભાઈને તિક્ષણ હથિયારના ઘા ઝીંકી દેતાં તેને લોહીયાળ હાલતે હોસ્પિટલ ખસેડાયો હતો. જયાં ફરજ પરનના તબીબે તપાસીને મૃત જાહેર કરતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે. જયારે, હત્યાના બનાવને લઈ સમગ્ર ખેડૂતવાસના બુદ્ધદેવ સર્કલ પાસે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.આ ઘટનાની જાણ થતાં એસ.પી.સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.બનાવ અંગે ઘોઘા રોડ પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.વધુમાં ડીવાય.એસ.પી.આર આર સિંઘલ જણાવ્યું હતું કે ,ઘોઘા રોડ પોલીસે રવિ નામના શખ્સને સ્થળ પરથી ઉઠાવી લીધો હતો.અને મૃતકના બેન અને મિત્રએ આ ઘટના નજરે નિહાળી હોવાનું અને સી.સી.ટીવી ફૂટેજ પણ કબ્જે લીધા હોવાનું ઉમેર્યું હતું.

# અમિત ખુંટને દૂષ્કર્મના કેસમાં ફસાવવામાં જૂનાગઢના શખ્સનું નામ તપાસમાં ખુલ્યું

## અમિત ખુંટને દૂષ્કર્મના કેસમાં ફસાવવામાં જૂનાગઢના શખ્સનું નામ તપાસમાં ખુલ્યું

## ગોંડલનાં રાજકારણમાં ગરમાવો લાવનાર રીબડાના



રીબડાના અમિત ખુંટને હનિટ્રેપમાં ફસાવી કાવત્રાના ભાગરૂપે તેના વિરૂધ્ધ દૂષ્કર્મ અને પોક્સો હેઠળ ફરિયાદ નોંધાવાઈ હતી. જેને કારણે અમિત ખુંટે રીબડામાં આવેલી પોતાની વાડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ કેસમાં તેના વિરૂધ્ધ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવનાર સગીર વયની મોડલ અને તેની બહેનપણીની પુછપરછમાં જૂનાગઢના રહીમ મકરાણીનું નામ ખુલ્યું છે. જેને પોલીસ અત્યાર સુધી એક્સ તરીકે દર્શાવતી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે રહીમ મકરાણીએ જ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવનાર સગીર વયની મોડલ અને તેની બહેનપણી પુજા ગોરને અમિત ખુંટને રેપના કેસમાં ફસાવવાનું કામ સોંપ્યું હતું. બદલામાં બંનેની લાઈફ સેટ કરી દેવાની, સારામાં સારી જોબ અપાવવાની અને મોટી રકમ પણ અપાવવાની ખાત્રી આપી હતી. એટલું જ નહીં બંનેને કપડા પણ લઈ આપ્યા હતા.

આજ કારણથી સગીર વયની મોડલ અને તેની બહેનપણી પુજા ગોર અમિત ખુંટનો કાવત્રા મુજબ સોશિયલ મીડિયાથી સંપર્ક કર્યા બાદ મિત્રતા અને પ્રેમનું નાટક કરી આખરે તેના વિરૂધ્ધ એ-ડિવીઝન પોલીસ મથકમાં દૂષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પરિણામે અમિત ખુંટે બદનામીના ડરથી આત્મહત્યા કરી લીધી હતી.

તેની પાસેથી મળેલી સ્યૂસાઈડ નોટના આધારે ગોંડલ તાલુકા પોલીસે રીબડાના અનિરૂધ્ધસિંહ જાડેજા અને તેના પુત્ર રાજદિપસિંહ ઉપરાંત દૂષ્કર્મની ફરિયાદ નોંધાવનાર સગીર વયની મોડલ અને તેની બહેનપણી પુજા ગોર સામે ગુનો દાખલ કર્યો હતો. બાદમાં સગીર વયની મોડલ અને પુજા ગોરની પોલીસે ધરપકડ કરી હતી. આ બંનેની પુછપરછમાં રહીમ મકરાણીનું નામ ખુલ્યું હતું. જેની હવે પોલીસની જુદી-જુદી ટીમો શોધખોળ કરી રહી છે.

તે ઝડપાયા પછી જ તેણે કોના કહેવાથી અમિત ખુંટને ફસાવ્યો તેનો ચોંકાવનારો ખુલાસો થશે.

પોલીસ તપાસમાં એવું ખુલ્યું હતું કે દૂષ્કર્મની ફરિયાદ નોંધાવનાર સગીર વયની મોડલ અને તેની બહેનપણીને ફરિયાદ નોંધાવવામાં મદદ કરવા માટે રાજકોટના એડવોકેટ સંજય પંડીત અને ગોંડલના એડવોકેટ દિનેશ પાતરને કામ સોંપાયું હતું. જેના આધારે પોલીસે આ બંને આરોપી એડવોકેટની પણ ગઈકાલે ધરપકડ કરી હતી.

ત્યાર પછી પોલીસે આજે આ બંને આરોપી એડવોકેટને ૧૨ દિવસની રિમાન્ડની માંગણી સાથે ગોંડલની કોર્ટમાં રજૂ કર્યા હતા. રિમાન્ડ નામંજૂર થતાં જેલહવાલે કરાયા હતા. આરોપી સંજય પંડીતે કોર્ટમાં એવી દલીલ કરી હતી કે સ્યૂસાઈડ નોટમાં અમારા નામનો ઉલ્લેખ નથી, ફરિયાદ બાદ બંને યુવતીઓએ વકીલ તરીકે અમારો સંપર્ક કર્યો હતો. જેને કારણે અમે માર્ગદર્શન અને સલાહ આપી હતી. આ સ્થિતિમાં પોલીસે અમને સાહેદ બનાવવાના બદલે આરોપી બનાવી દીધા છે. અમે અવાર-નવાર ગોંડલના પૂર્વ એમએલએ જયરાજસિંહ સામેના કેસમાં તેના વિરૂધ્ધ વકીલ તરીકે રહેતાં હોવાથી અમને આ કેસમાં ખોટી રીતે ફીટ કરી દેવાયા છે.

વધુમાં બંને આરોપી એડવોકેટે રહિમ મકરાણીને પોતે જાણતા નથી તેવી લેખિતમાં પણ જાણ કરી હતી.

# ઉચાપત કેસમાં બ્રાંચ પોસ્ટ માસ્તરને 3 વર્ષની કેદ



નડિયાદ તાલુકાના પીપળાતા ગામની પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા બ્રાન્ચ પોસ્ટ માસ્તરે ખાતેદારોએ જમા કરાવેલી રકમ પાસબુકમાં એન્ટ્રી કરી પોસ્ટ ઓફિસમાં જમા ના કરાવી રૂપિયા ૫૯,૫૦૦ની ઉચાપત કરી હતી. આ અંગેના કેસમાં એડિશનલ સિવિલ જજ નડિયાદએ આરોપી બ્રાન્ચ પોસ્ટ માસ્તરને કસૂરવાર ઠરાવી ત્રણ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ કરવા હુકમ કર્યો છે. જો દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા નો હુકમ કર્યો છે.

નડિયાદ તાલુકાના પીપળાતા ગામે બ્રાંચ પોસ્ટ ઓફિસમાં કીતકાબેન વાલસીંગ કામોલ (રહે. અણીકા, તાલુકો સંજેલી, જી.દાહોદ) બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા હતા. આ દરમિયાન તા.૫/૨/૨૦૧૯ થી ૨૬/૪/૨૦૨૨ દરમિયાન પોતાની ફરજ દરમિયાન સુકન્યા સમૃદ્ધિ ખાતાના ખાતેદારો,રિકરીંગ તેમજ સેવિંગ ખાતાના ખાતેદારોએ જમા કરાવેલ રકમની પાસબુકમાં એન્ટ્રી કરી હતી પરંતુ બ્રાન્ચ પોસ્ટ માસ્તરે આ રકમ પોસ્ટ ખાતામાં જમા ન કરાવી પોતાના અંગત કામ વાપરી નાખી રૂ.૫૯,૫૦૦ ની ઉચાપત કરી હતી. આ બાબતે આસિસ્ટન્ટ સુપ્રિ. ઓફ પોસ્ટ નડિયાદએ નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કીતકા કામોલ સામે ઉચાપતનો ગુનો નોંધી પૂરતા પુરાવાઓ મેળવી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી.

# ડાયમંડ એસો.ના પ્રમુખ તથા દલાલ હીરા વેપારીઓના રૂ.76 લાખ ઓળવી ગયા




ભાવનગરના પિતા-પુત્ર સહિત ચાર વેપારી પાસેથી હીરા ખરીદ્યા બાદ હીરા દલાલે રકમ ન ચૂકવતાં ભાવનગર ડાયમંડ એસો.ના પ્રમુખે મધ્યસ્થી કર્યા બાદ બાકી રહેતી રૂા. ૭૬ લાખ ચૂકવવા ખાત્રી આપ્યા બાદ બન્નેએ હાથ ઉંચા કરી દેતા પ્રમુખ સહિત બે વિરૂદ્ધ રૂા.૭૬ લાખની રકમ ઉચાપતઉચાપત કરી રકમ ઓળવી ગયાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે.

ભાવનગર નજીકના સીદસરના નવાપરા ખાતે રહેતા અને નિર્મળનગર ક્રિસ્ટલ બિલ્ડિંગમાં આવેલી ઓફિસ નં. ૧૦૨માં હીરાની લે-વેચના વ્યવસાયી માવજીભાઈ ભગવાનભાઈ ધામેલિયાને કાળીયાબીડમાં રહેતા હીરા દલાલ ઈશ્વર શામજીભાઈ ભરોડિયા સાથે પરિચય થતાં તા.૧મે ૨૦૨૪થી ૩ સપ્ટ.૨૦૨૪ સુધીમાં અલગ અલગ ચિઠ્ઠીઓ દ્વારા રૂા. ૭૭,૭૩,૩૫૪ કિંમતના ૨૪૬.૭૪ કેરેટના હીરા વેચવા આપ્યા હતા.

ઉપરાંત માવજીભાઈના પુત્ર નિલેશભાઈએ પણ રૂા.૧૫,૭૫,૧૫૪ની કિંમતના ૫૦.૫૧ કેરેટના હીરા વેચવા આપ્યા હતા. પિતા-પુત્રએ મળી દલાલ ઈશ્વર ભારોડીયાને આપેલાં રૂ. ૯૩,૪૮,૫૦૮ કિંમતના હીરા સામે નાણાંની ઉઘરાણી કરતાં દલાલે વાયદાઓ આપી રૂપિયા પરત ન આપતાં તેની વિરૂદ્ધ ગત ૨૨ સપ્ટ.૨૦૨૪એ નિલમબાગ પોલીસ મથકમાં અરજી અપાતાં દલાલ પોલીસ સમક્ષ હાજર થયો હતો. જો કે, પોલીસ નિવેદન બાદ માવજીભાઈના પુત્ર નિલેશભાઈને ભાવનગર જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ઘનશ્યામ ગોરસીયાએ ફોન કરીને નિર્મળનગર ઓફિસેં બોલાવ્યા હતા.

જ્યાં ઈશ્વર ભરોડિયા,તેના કાકા વલ્લભભાઈ,પ્રમુખ ઘનશ્યામ ગોરસીયા ઉપરાંત જેમના નાણાં બાકી હતા તેવા ધર્મેશભાઈ તુલસીભાઈ ધામેલિયા અને મહેશભાઈ મોહનભાઈ સાચાપરા પણ હાજર હતા. ઘનશ્યામ ગોરસીયાએ મધ્યસ્થીથી પિતા-પુત્ર અને મહેશભાઈ સાચાપરા વચ્ચે ઉસરડ ગામની સાત વીઘા જમીન,રૂા.૮.૭૦ લાખ અને બાકીના રૂ.૧૦ લાખ છ દિવસમાં આપવાની વાત કરી હતી અને બાકીની રકમ કટકે કટકે આપવાની પ્રમુખ ગોરસીયાએ મૌખિક બાંહેધરી આપી હતી. સમય મર્યાદામાં રૂપિયા નહીં મળતા વેપારીએ પ્રમુખ પાસે ઉઘરાણી કરી ત્યારે તેણે ઈશ્વર ભરોડિયા ફોન ઉપાડીને મરી જવાની ધમકી આપે છે, તમે તમારા પૈસા તમારી રીતે લઈ લેજો તેમ કહીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા હતા.

જો કે,દલાલ અને પ્રમુખ બન્ને એ મેળાપીપણું કરી હીરાના વેપારીઓની બાકી રકમ રૂ.૭૬,૩૬,૯૨૮ નહીં આપી એક બીજાએ સમજૂતી કરી બન્ને શખ્સ ગુનાહિત વિશ્વાસઘાત કર્યાનું માલૂમ પડતાં વેપારી માવજીભાઈ ભગવાનભાઈ ધામેલિયાએ ભાવનગર ડાયમંડ એસો. પ્રમુખ ઘનશ્યામ ગોરસીયા અને દલાલ ઈશ્વર શામજીભાઈ ભરોડિયા વિરૂદ્ધ મેળાપીપણું કરી બન્ને બાકી રકમ ઓળવી ગયાની વિવિધ કલમ અન્વયે ગુનો નોંધાવ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધી દલાલ ઈશ્વર શામજીભાઈ ભરોડિયાને ઝડપી લીધો છે.જ્યારે, પ્રમુખની શોધખોળ શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

ફરિયાદના વિરોધમાં આજે હીરાબજાર બંધ પાળશે

ભાવનગરના હીરા વેપારીએ ભાવનગર ડાયમંડ એસો.ના પ્રમુખ અને દલાલ સામે પોલીસ ફરિયાદ નોંધાવતાં નિર્મળનગર હીરાબજારમાં ચક્ચારમ મચી હતી.

બનાવને લઈ તાકિદની અસરથી ડાયમંડ એસો.ની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે આ ફરિયાદના આવતીકાલ શુક્રવારના રોજ નિર્મળનગર હીરાબજાર બંધ રાખવાનો નિર્ણય લીધો છે. જ્યારે, ફરિયાદને ડાયમંડ એસો.એ ચોક્ક્સ તત્વોની હેરાનગતિ હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

દલાલ અન્ય બે વેપારીઓના હીરા પણ ઓળવી ગયો દલાલ ઈશ્વર ભરોડિયાએ હીરાના વેપારી ધર્મેશભાઈ તુલસીભાઈ ધામેલિયાના રૂા. ૧૧,૯૦,૪૩૦ના ૪૯.૭૨ કેરેટ અને મહેશભાઈ મોહનભાઈ સાચાપરાના રૂા.૩૦,૫૦,૧૩૭ના ૧૧૧.૭૫ કેરેટ હીરા મળી રૂ.૪૨,૪૦,૫૬૭ ના હીરા વેચવા માટે મેળવી ઓળવી ગયો હોવાનું ફરિયાદીએ નિલમબાગ પોલીસને જણાવ્યું હતું.

# મંદાના કરીમીને ભારત વિરુદ્ધ પોસ્ટ ભારે પડી:એક્ટ્રેસ મધુરાએ તેના વિરુદ્ધ પગલાં લેવાની માગણી કરી; લોકોએ કહ્યું- ઇરાનીયન એક્ટ્રેસને ભારતમાંથી હાંકી કાઢો




'ઓપરેશન સિંદૂર' પર ભારત વિરુદ્ધ નિવેદન આપ્યા બાદ ભારતમાં રહેતી ઈરાનીયન એક્ટ્રેસ મંદાના કરીમી વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. ઘણા લોકો તેને તાત્કાલિક ભારતમાંથી હાંકી કાઢવાની માંગ કરી રહ્યા છે, ત્યારે હવે એક્ટ્રેસ મધુરા નાઈકે વિદેશ મંત્રાલયને મંદાના સામે કાર્યવાહી કરવા અપીલ કરી છે. તેણે કહ્યું છે કે 'કોઈને પણ ભારતને બદનામ કરવાનો અધિકાર નથી, ન તો તેના નાગરિકોને કે ન તો તેના મહેમાનોને.'મધુરા નાયકે મંદાના કરીમી પર નિશાન સાધતા ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી છે. તેણે લખ્યું, 'એ અત્યંત ચિંતાજનક અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે કે એક વિદેશી નાગરિક, ભારતમાં રહેતી અને અહીં તકો અને સ્વતંત્રતાનો આનંદ માણતી ઈરાની મહિલા, તે દેશને બદનામ કરવાની હિંમત કરે છે જેણે તેનું સન્માન અને આદર સાથે સ્વાગત કર્યું હતું.' તેના તાજેતરના જાહેર નિવેદનોમાં ભારત પર પાકિસ્તાની કાશ્મીરમાં બોમ્બમારો કરવાનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો હતો. અને આપણા સભ્યતાના સિદ્ધાંતોને હિન્દુત્વ ફાસીવાદ કહેવામાં આવે છે. આ માત્ર તથ્યોનું ખોટું વર્ણન નથી પણ મતભેદ ઉશ્કેરવાના હેતુથી ખતરનાક પ્રચારથી ભરેલું છે.'મધુરાએ આગળ લખ્યું, આવા બેજવાબદાર નિવેદન, ખાસ કરીને એવા વ્યક્તિ તરફથી જે લોકોના જીવનને પ્રભાવિત કરે છે, તેની કડક તપાસ થવી જોઈએ. પ્રશ્ન એ છે કે શું તેને તેની માતૃભૂમિ ઈરાન વિરુદ્ધ આ રીતે બોલવાની મંજૂરી આપવામાં આવશે? જવાબ સ્પષ્ટ છે. ભારત, અન્ય દેશોથી વિપરીત, વાણી સ્વાતંત્ર્યની મંજૂરી આપે છે, પરંતુ આ સ્વતંત્રતાનો દુરુપયોગ આપણી રાષ્ટ્રીય અખંડિતતા, આપણી ધાર્મિક માન્યતાઓ અથવા આપણા સશસ્ત્ર દળોને બદનામ કરવા માટે થઈ શકતો નથી અને ન જ થવો જોઈએ.'એક્ટ્રેસ આગળ લખે છે કે, 'જમ્મુ અને કાશ્મીર, જે ભારતનો અભિન્ન અને સાર્વભૌમ ભાગ છે, તેને પાકિસ્તાની કાશ્મીર તરીકે દર્શાવવું એ માત્ર વાસ્તવિકતાનું ઘોર ખોટું ચિત્રણ નથી પણ આપણા રાષ્ટ્રની પ્રાદેશિક અને બંધારણીય પવિત્રતા સામે સીધો પડકાર પણ છે.''મધુરા નાયકે મંદાના સામે કાર્યવાહીની માગ કરી છે. તેએ લખ્યું,- 'હું વિદેશ મંત્રાલય અને સંબંધિત અધિકારીઓને વિનંતી કરું છું કે તેઓ તેમના નિવેદનોની સંપૂર્ણ તપાસ શરૂ કરે અને જો એવું જણાય કે તેઓ ભારતીય કાયદાઓનું ઉલ્લંઘન કરે છે, તો તેમની સામે યોગ્ય કાનૂની અને રાજદ્વારી કાર્યવાહી કરે. ચાલો આને ઉદાહરણ તરીકે રજૂ કરીએ. ભારત નફરતભર્યા ભાષણ, રાષ્ટ્ર વિરોધી પ્રચાર કે સાંસ્કૃતિક નિંદા સહન કરશે નહીં. ન તો પોતાના નાગરિકો તરફથી કે ન તો અહીં મહેમાન તરીકે રહેતા લોકો તરફથી.'મંદાના કરીમીનું શું નિવેદન હતું?'ઓપરેશન સિંદૂર' પછી ઈરાનીયન એક્ટ્રેસ મંદાના કરીમીએ લખ્યું: 'દુનિયા બળી રહી છે, ભારતે થોડા સમય પહેલા પાકિસ્તાની કાશ્મીર પર બોમ્બમારો કર્યો હતો, જેમાં નાગરિકો અને બાળકો માર્યા ગયા હતા. થોડા સમય પહેલા ઈઝરાયલે ખાન યુનિસમાં એક પરિવારની હત્યા કરી હતી અને અમેરિકાએ યમન પર બોમ્બમારો કર્યો હતો. આ બધા મૃત્યુ એ નરસંહાર શક્તિઓનો સીધો પ્રતિભાવ છે જેમણે એકબીજા પાસેથી શીખ્યા છે કે તમે યુદ્ધ ગુનાઓ કરી શકો છો અને દુનિયા ચૂપ રહેશે.'ગુસ્સે ભરાયેલા લોકોએ કહ્યું- અમારો દેશ છોડી દોમંદાના કરીમીની આ પોસ્ટ બહાર આવતાંની સાથે જ લોકો ગુસ્સે થઈ ગયા. કેમ કે ઈરાનીયન એક્ટ્રેસે ભારત પર 'ઓપરેશન સિંદૂર'નો આરોપ લગાવ્યો હતો. જ્યારે લોકોએ તેની વિરુદ્ધ ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેણે પોતાનું કમેન્ટ સેક્શન બંધ કરી દીધું. જોકે, આ હોવા છતાં, લોકો ગુસ્સે થઈ રહ્યા છે અને તેને તેની જૂની પોસ્ટ યાદ કરાવીની ભારત છોડવાનું સતત કહી રહ્યા છે. કેટલાક લોકો કહે છે કે મંદાનાએ ભારત આવીને લોકપ્રિયતા મેળવી હતી.

# નવાઝુદ્દીને કહ્યું- થોડી પણ એક્ટિંગ કરી હોત તો પકડાઈ જાત, ક્લાઈમેક્સ મુશ્કેલ લાગ્યો



બોલિવૂડ એક્ટર નવાઝુદ્દીન સિદ્દીકીની નવી ફિલ્મ 'કોસ્ટાઓ' (COSTAO) તાજેતરમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ ગોવાના કસ્ટમ અધિકારી કોસ્ટાઓ ફર્નાન્ડિસની સત્ય ઘટના પર આધારિત છે. ZEE5 પર રિલીઝ થયેલી આ ફિલ્મનું ડિરેક્શન સેઝલ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્દીકી, પ્રિયા બાપટ, હુસૈન દલાલ અને માહિકા શર્મા છે. નવાઝુદ્દીન સિદ્દીકીએ તાજેતરમાં દિવ્ય ભાસ્કર સાથે ફિલ્મ વિશે વાત કરી.નવાઝુદ્દીન સિદ્દીકીએ કોસ્ટાઓ ફર્નાન્ડિસની ભૂમિકા ભજવી છેનવાઝુદ્દીન સિદ્દીકીએ કોસ્ટાઓ ફર્નાન્ડિસની ભૂમિકા ભજવી છેઆ ઈન્ટરવ્યૂ દરમિયાન નવાઝુદ્દીન સિદ્દીકીએ ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નોના જવાબ આપ્યા. વાતચીતમાં, તેણે એક્ટિંગ, સમાજની બદલાતી વિચારસરણી, નવી પેઢીની જરૂરિયાતો અને સાચા રોલ મોડલની મહત્વતા પર ખુલીને વાત કરી. તેણે કોસ્ટાઓના પાત્ર વિશે વાત કરી, તે કોઈપણ ભૂમિકામાં કેવી રીતે ઢળી જાય છે, શું આજના બાળકોને કોસ્ટાઓ જેવા હીરોની જરૂર છે?.

# મોફ્યુઝન સ્ટુડિયોએ કર્યો કોપીરાઈટ ક્લેમ, ફિલ્મ 6 જૂને રિલીઝ થશે



કોપીરાઈટ સ્ટ્રાઈકના કારણે ફિલ્મ 'હાઉસફુલ 5'નું ટીઝર યૂટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યું છે. અક્ષય કુમાર, અભિષેક બચ્ચન, જેકલીન ફર્નાન્ડીઝ અને રિતેશ દેશમુખ અભિનીત આ ફિલ્મનું ટીઝર 30 એપ્રિલના રોજ રિલીઝ થયું હતું. કોપીરાઈટ સ્ટ્રાઈક મોફ્યુઝન સ્ટુડિયો દ્વારા કરવામાં આવી છે. યૂટ્યુબ પર ફિલ્મના ટીઝર પર ક્લિક કરવા પર, મોફ્યુઝન સ્ટુડિયોના કોપીરાઈટ ક્લેમનો મેસેજ બતાવવામાં આવી રહ્યો છે. મોફ્યુઝન સ્ટુડિયોના કોપીરાઈટ દાવાનો આધાર શું છે તે હજુ સ્પષ્ટ નથી.'હાઉસફુલ 5'નું ટીઝર યૂટ્યુબ પરથી ગાયબ'હાઉસફુલ 5'નું ટીઝર યૂટ્યુબ પરથી ગાયબફિલ્મનું ટીઝર 30 એપ્રિલના રોજ નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટની યૂટ્યુબ ચેનલ પર પોસ્ટ કરવામાં આવ્યું હતું. ફિલ્મની સ્ટારકાસ્ટ પણ પ્રમોશનમાં વ્યસ્ત છે. જોકે, ફિલ્મનું ટીઝર અક્ષય કુમાર, જેકલીન, રિતેશ દેશમુખના ઈન્સ્ટાગ્રામ પર હજુ દેખાઈ રહ્યું છે. ટીઝરમાં 'હાઉસફુલ 5' ની શાનદાર સ્ટાર કાસ્ટ દર્શાવવામાં આવી હતી, જેમાં હની સિંહ અને સિમર કૌર દ્વારા ગાયેલું ગીત 'લાલ પરી' બેકગ્રાઉન્ડમાં વાગી રહ્યું હતું.આ મલ્ટીસ્ટારર કોમેડી ફિલ્મ 6 જૂને રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મની રિલીઝને હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે. મોફ્યુઝન એક ભારતીય રેકોર્ડ લેબલ છે.

# 'તમે ન તો ઘરના છો ન ઘાટના':એક્ટ્રેસ સુરભિ દાસે પાકિસ્તાની એક્ટ્રેસિસને ઝાટકી નાખી; કહ્યું- ભારતમાં કામની ભીખ માગવી છે ને પાછી તંગડી ઊંચી રાખવી છે?



એક્ટ્રેસ સુરભિ દાસે 'ઓપરેશન સિંદૂર' પર પ્રતિક્રિયા આપવા બદલ હાનિયા આમિર, માહિરા ખાન અને સજલ અલી જેવા પાકિસ્તાની કલાકારોને સખત ઠપકો આપ્યો છે. એક્ટ્રેસ સુરભિ દાસે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં હાનિયા આમિર પર કટાક્ષ કરતા કહ્યું, ₹તું મને બહેન પણ નથી કહેતી, તું બોલિવૂડ ગીતો ગાય છે અને ભારતીય દર્શકો માટે ભીખ માગે છે, તને શરમ નથી આવતી? દર બે દિવસે તું ભારતીય દર્શકો માટે પોસ્ટ કરે છે. તું હિન્દી ફિલ્મોમાં કામ કરવા માટે ખરેખર ભીખ માગતી હતી. હવે અચાનક તુ ગુસ્સે થઈ ગઈ છે કારણ કે હિન્દી ફિલ્મોમાં કામ કરવાનું તારું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું છે?''સુરભિએ એમ પણ કહ્યું, ₹જ્યારે અમારા લોકો માર્યા ગયા, ત્યારે તને આ પીડા અને ગુસ્સો કેમ ન લાગ્યો? તને એક બાળકના મૃત્યુનું દુઃખ થઈ રહ્યું છે.

બાય ધ વે, તમારા લોકોએ પહેલગામમાં 12 વર્ષના બાળકનું માથું ફોડી નાખ્યું, ત્યારે તમને પીડા કેમ ન લાગી? તે બાળક નહોતું?. હવે પાકિસ્તાન હિંસા વિશે વાત કરશે. જોતા રહો કારણ કે હજુ ઘણું બધું જોવાનું બાકી છે.₹સુરભિએ માહિરા ખાનને આપ્યો યોગ્ય જવાબ સુરભિએ માહિરા ખાન પર નિશાન સાધતાં કહ્યું, 'તે પહેલા અડધો સમય ભારતમાં રહેતી હતી જેથી તેને કામ મળી શકે. હવે અચાનક દેશભક્તિ જાગી ગઈ છે. મને તારા પર શરમ આવે છે કે જ્યારે તે લોકો નિર્દોષ લોકોને મારી રહ્યા હતા ત્યારે તમે તમારા દેશ વિરુદ્ધ કંઈ કહ્યું નહીં. તમને શરમ આવવી જોઈએ કે તમે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં કામ માગ્યું. અમે મરી જઈશું પણ પાકિસ્તાની ફિલ્મો નહીં કરીએ. બહેન, અમે ત્યાં ક્રિકેટ પણ નથી રમતા અને તમે અહીં માથું ઊંચું રાખીને કામ કરવા આવો છો. તમને શરમ આવવી જોઈએ કારણ કે તમે ન તો ઘરના છો કે ન તો ઘાટના'સુરભિ દાસે સેજલ અલીની પણ ઝાટકણી કાઢી સુરભિ દાસે ફિલ્મ 'મોમ'માં એક્ટિંગ કરી ચૂકેલી પાકિસ્તાની એક્ટ્રેસ સજલ અલીની પણ ઝાટકણી કાઢી.


સુરભિએ કહ્યું, 'આ લોકો શું બકવાસની કરી રહ્યા છે ભાઈ? હવે તેમને યાદ આવી ગયું છે કે સામાન્ય લોકોને મારવા ન જોઈએ. તેમણે આપણા 26 લોકોને કેમ માર્યા? તેઓ તેમના પરિવારો સાથે ફક્ત ક્વોલિટી ટાઈમ પસાર કરવા માટે કાશ્મીર ગયા હતા... તેમનો શું વાંક હતો??? હવે મને ખૂબ ખરાબ લાગે છે, ત્યારે કોઈએ કંઈ કેમ ન કહ્યું?₹ઉલ્લેખનીય છે કે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આવેલા આતંકવાદી અડ્ડાઓ પર મિસાઈલો છોડી હતી. આ વળતી કાર્યવાહીને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું. આ અંગે પાકિસ્તાની કલાકારો હાનિયા આમિર, માહિરા ખાન અને સજલ અલીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

# યુટ્યુબરે વીડિયો શેર કરી કહ્યું- યુદ્ધ શરૂ થઈ ગયું છે, ગાઈડલાઈનનું પાલન કરો; સરહદી નાગરિકોના સંપર્કમાં રહો



ભારતના 'ઓપરેશન સિંદૂર'ના જવાબમાં, પાકિસ્તાને ગુરુવારે રાત્રે અનેક ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરવાનો પ્રયાસ કર્યો, જેને ભારતની ડિફેન્સ સિસ્ટમને નિષ્ફળ બનાવ્યો. આ દરમિયાન, યુટ્યુબર એલ્વિશ યાદવે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો અને લોકોને સાવધ રહેવાની અપીલ કરી છે. તેણે કહ્યું કે 'યુદ્ધ શરૂ થઈ ગયું છે અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકોએ સતર્ક રહેવું જોઈએ અને સરકારી માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ.'યુટ્યુબર એલ્વિશ યાદવયુટ્યુબર એલ્વિશ યાદવએલ્વિશએ વીડિયો શેર કર્યો એલ્વિશ યાદવે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો અને કહ્યું, 'જેમ કે તમે બધા જાણો છો કે આપણા દેશમાં શું ચાલી રહ્યું છે. યુદ્ધ શરૂ થઈ ગયું છે. તમે સમાચાર જોઈ રહ્યા હશો કે જમ્મુમાં હુમલો થયો છે, રાજસ્થાનમાં હુમલો થયો છે, પઠાણકોટમાં હુમલો થયો છે અને બીજાં ઘણાં શહેરોમાં હુમલા થયાં છે. હું તમને વિનંતી કરું છું કે કૃપા કરીને સરહદી રાજ્યોમાં રહેતા લોકો સાથે સંપર્કમાં રહો અને શક્ય હોય તો તેમને તમારી પાસે બોલાવો. તમે સરહદથી જેટલા દૂર રહેશો, તેટલું સારું.' ઉપરાંત, સરકારી માર્ગદર્શિકાઓનું પાલન કરવા વિશે વાત કરતા, એલ્વિશએ કહ્યું કે, 'તમારા વિસ્તારમાં મોક ડ્રીલ યોજાઈ રહી છે, તેનું કાળજીપૂર્વક પાલન કરો. જય હિન્દ.'નોંધનીય છે કે, 8 મેના રોજ પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાન પર ડ્રોન-મિસાઈલથી હુમલો કર્યો હતો. આ સાથે જ કુપવાડા, બારામુલ્લા, સતવારી, સાંબા, આરએસ પુરા સેક્ટર અને અરનિયામાં નિયંત્રણ રેખા પર ભારે ગોળીબાર શરૂ થયો. પાકિસ્તાને જમ્મુ, સાંબા, કેરન, તંગધાર, કરનાહ, અખનૂર, આરએસ પુરા સેક્ટર, જમ્મુ અને કાશ્મીરના અરનિયા, પંજાબના પઠાણકોટ, જેસલમેર, રાજસ્થાનના પોખરણ અને ગુજરાતના ભુજ પર હુમલો કર્યો હતો.

# 'બૉર્ડર 2'માં સોંગ રીક્રિએટ કરાશે, અત્યારસુધીના સૌથી મોંઘા રાઈટ્સ ખરીદાયા




1997ની ઓલટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલની તૈયારીઓ હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે આ ફિલ્મનું સૌથી લોકપ્રિય ગીત 'સંદેશે આતે હે'ને પણ આ ફિલ્મમાં નવા અંદાજમાં દર્શાવવામાં આવશે. જે માટે ટી-સિરીઝે ગીતને 10 કરોડ રૂપિયાની માતબાર રકમ ચૂકવીને ખરીદ્યું છે.'બોર્ડર 2' ફિલ્મમાં સની દેઓલની સાથે વરુણ ધવન, દિલજીત દોસાંજ અને અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.'બોર્ડર 2' ફિલ્મમાં સની દેઓલની સાથે વરુણ ધવન, દિલજીત દોસાંજ અને અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.પિન્કવિલાના રિપોર્ટનું માનીએ તો, ટી-સિરીઝના માલિક ભૂષણ કુમારે આઈકોનિક સોન્ગ 'સંદેશે આતે હે'ના રાઈટ્સ ખરીદવા માટે 10 કરોડ રૂપિયા ચૂકવ્યા છે. જે અત્યારસુધીમાં કોઈપણ ગીતને રીક્રિએટ કરવા માટે ચૂકવેલી સૌથી વધુ રકમ માનવામાં આવી રહી છે. રીક્રિએટેડ વર્ઝન ભારતીય સેનાને ટ્રિબ્યુટ આપશે.1997માં રિલીઝ થયેલી 'બોર્ડર' ફિલ્મનું આઈકોનિક ગીત છે 'સંદેશે આતે હે'.1997માં રિલીઝ થયેલી 'બોર્ડર' ફિલ્મનું આઈકોનિક ગીત છે 'સંદેશે આતે હે'.દરેક સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ કે દેશભક્તિનો કાર્યક્રમ 'સંદેશે આતે હે' ગીત વિના અધુરો લાગે છે.

# ભારત-પાકિસ્તાનનાં તણાવ વચ્ચે અરિજિત સિંહનો કોન્સર્ટ રદ, લોકો સિંગર પર ગુસ્સે ભરાયા



ઓપરેશન સિંદૂર બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. જ્યાં પાકિસ્તાન સતત ડ્રોન અને મિસાઈલોથી હુમલા કરી રહ્યું છે અને ભારત આ હુમલાઓને નિષ્ફળ બનાવી રહ્યું છે. ગઈકાલે, ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચ અધવચ્ચે જ રોકી દેવામાં આવી હતી, હવે સિંગર અરિજિત સિંહનો અબુ ધાબીમાં યોજાવાનો કોન્સર્ટ પણ રદ કરવામાં આવ્યો છે. જોકે, સિંગરે ખાતરી આપી છે કે તે ટિકિટની સંપૂર્ણ રકમ પરત કરશે.ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ફેન્સને આ માહિતી આપતાં અરિજિત સિંહે લખ્યું- ફેન્સ, તાજેતરની ઘટનાઓને કારણે, અમે અબુ ધાબીમાં યોજાનાર અરિજિત સિંહ લાઈફ કોન્સર્ટને મુલતવી રાખવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે. તે 9 મે 2025ના રોજ યાસ આઈલેન્ડના એતિહાદ એરેના ખાતે યોજાવાનો હતો.

આ સમયે તમારા ધૈર્ય, સમર્થન અને સમજણની અમે પ્રશંસા કરીએ છીએ. અમે નવા સ્થળો અને સુવિધાઓ પર કામ કરી રહ્યા છીએ અને ટૂંક સમયમાં તેની જાહેરાત કરીશું. બધી ખરીદેલી ટિકિટો આગામી કોન્સર્ટ માટે માન્ય રહેશે અથવા તમે 7 દિવસની અંદર સંપૂર્ણ રિફંડ મેળવી શકો છો. તમારા સતત પ્રેમ અને સમર્થન બદલ આભાર.અરિજિત સિંહે કરેલી પોસ્ટઅરિજિત સિંહે કરેલી પોસ્ટ'હોટેલ અને ફ્લાઈટ ટિકિટનો ખર્ચો કોણ આપશે?' અરિજિત સિંહના શો મુલતવી રાખવાથી કેટલાક ફેન્સ ગુસ્સે છે. એક યુઝરે લખ્યું કે- હેલો અરિજિત, અમે ઈરાનથી આવ્યા છીએ, અમે ટિકિટ, હોટેલ અને ફ્લાઈટ પર ઘણા પૈસા ખર્ચ્યા છે.

# દારૂના નશામાં હોટલ સ્ટાફ સાથે બબાલ કરી, પોલીસે કેસ નોંધ્યો; અનેક વખત ભાન ભૂલી ઝઘડા કરી ચૂક્યો છે



રજનીકાંત અભિનીત ફિલ્મ 'જેલર'માં વિલનની ભૂમિકામાં જોવા મળેલો એક્ટર વિનાયકન ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગયો છે. તેણે ફરી એકવાર દારૂની હાલતમાં હંગામો મચાવ્યો હતો, ત્યારબાદ એક્ટરની ધરપકડ કરવામાં આવી છે. જોકે, વિનાયકનને હાલ છોડી દેવામાં આવ્યો.સાઉથ એક્ટર દારૂના નશામાં ભાન ભૂલ્યો મલયાલમ એક્ટર વિનાયકનને ગુરુવારે, 8 મેના રોજ કેરળની એક હોટલમાં દારૂ પીને હંગામો મચાવ્યો હતો. આ આરોપ હેઠળ પોલીસે કાર્યવાહી કરી તેની ધરપકડ કરી હતી, જોકે બાદમાં તેને જામીન પર છોડી દેવામાં આવ્યો છે.

'ઇન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલ મુજબ, અંકાલુમુડુ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે- એક્ટર વિનાયકન 2 મેથી એક ફિલ્મના શૂટિંગ માટે હોટલમાં રોકાયો હતો. પરંતુ ગઈકાલે ચેકઆઉટ સમયે નશાની હાલતમાં હંગામો કર્યો હતો.વિનાયકન સામે કેસ દાખલ જ્યારે મામલો વધુ ઉગ્ર બન્યો ત્યારે પોલીસને બોલાવવામાં આવી. આ પછી, વિનાયકનને મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યા. ચેકઅપ પછી, તેને અંકાલુમુડુ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. કેરળ પોલીસ અધિનિયમની કલમ 118 (A) (જાહેર સ્થળે નશામાં ધૂત મળી આવવું) હેઠળ વિનાયકન વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ કહ્યું કે- વિનાયકન ખૂબ જ નશામાં હતો અને બધા પર બૂમો પાડી રહ્યો હતો. તેણે પોલીસ પર ખરાબ રીતે બૂમો પણ પાડી હતી.અગાઉ પણ વિવાદોમાં ફસાઈ ચૂક્યો છે એક્ટર વિનાયકન પહેલા પણ ઘણી વખત મુશ્કેલીમાં મુકાઈ ચૂક્યો છે. લગભગ આઠ મહિના પહેલા, વિનાયકનની હૈદરાબાદમાં એરપોર્ટ સ્ટાફ સાથે ગેરવર્તણૂક કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેને દારૂના નશામાં સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું હતું. ત્યારબાદ એક્ટર વિરુદ્ધ શહેર પોલીસ અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો.સાઉથ એક્ટર વિનાયકનસાઉથ એક્ટર વિનાયકનવર્ષ 2023માં, નશાની હાલતમાં વિનાયકને એક પોલીસ અધિકારીને ધમકી આપી હતી અને તેની સાથે ગેરવર્તણૂક કરી હતી. એક્ટરે એર્નાકુલમ ટાઉન નોર્થ પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવ્યો, જેના પગલે વિનાયકનની ધરપકડ કરવામાં આવી. ત્યારબાદ તેની સામે કેરળ પોલીસ અધિનિયમની કલમ 118 (A) અને 117 (E) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો.

# નવું શેડ્યૂલ 7 દિવસ પછી જાહેર થશે, વિદેશી ખેલાડીઓને તેમના દેશમાં પાછા ફરવાનું કહેવામાં આવ્યું





ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા જતા સંઘર્ષને કારણે, BCCI એ IPL એક અઠવાડિયા માટે મુલતવી રાખી છે. બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ શુક્રવારે આ માહિતી આપી. તેમણે કહ્યું, તે હવે એક અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવ્યું છે. નવું સમયપત્રક એક અઠવાડિયા પછી જાહેર કરવામાં આવશે.તે જ સમયે મીડિયા રિપોર્ટ્સ અનુસાર બધા વિદેશી ખેલાડીઓને તેમના દેશમાં પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે. નવી તારીખો જાહેર થતાં જ તેમને જાણ કરવામાં આવશે. હાલમાં, IPLમાં 12 લીગ મેચ અને 4 પ્લેઓફ મેચ બાકી છે. ટુર્નામેન્ટની ફાઇનલ 25 મેના રોજ યોજાવાની હતી.એવું માનવામાં આવે છે કે ઓગસ્ટમાં ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ રદ કરવામાં આવશે.

સપ્ટેમ્બરમાં યોજાવાનો એશિયા કપ પણ મુલતવી રાખવામાં આવશે. તેમની જગ્યાએ, બાકીની IPL મેચો ભારતમાં યોજાઈ શકે છે.ગુરુવારે ચેન્નઈ-કોલકાતા આઈપીએલ મેચ દરમિયાન ઓપરેશન સિંદૂરના માનમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું હતું.ગુરુવારે ચેન્નઈ-કોલકાતા આઈપીએલ મેચ દરમિયાન ઓપરેશન સિંદૂરના માનમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું હતું.

પંજાબ-દિલ્હીની મેચ પણ રદ કરવી પડી 8 મેની રાત્રે લગભગ 8:30 વાગ્યે પાકિસ્તાને ભારતની જમ્મુ, પંજાબ અને રાજસ્થાન સ[illegible] પર મિસાઈલો અને ડ્[illegible] હુમલો કર્યો.

આ દરમિયાન હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી હતી.પ્રથમ બેટિંગ કરતા પંજાબે 10.1 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 122 રન બનાવ્યા. ત્યાર બાદ મેદાનની ફ્લડલાઈટ બંધ કરી દેવામાં આવી અને દર્શકોને ઘરે મોકલી દેવામાં આવ્યા. યુદ્ધની સ્થિતિને કારણે, શહેરમાં બ્લેકઆઉટ લાદવામાં આવ્યું હતું અને મેચ રદ કરવામાં આવી હતી. આ લીગ સ્ટેજની 58મી મેચ હતી.

ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં બ્લેકઆઉટને કારણે દિલ્હી-પંજાબ મેચ રદ કરવામાં આવી.ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં બ્લેકઆઉટને કારણે દિલ્હી-પંજાબ મેચ રદ કરવામાં આવી.ગુજરાત ટોચ પર, 3 ટીમ બહાર જ્યારે IPL અધવચ્ચે જ બંધ કરવામાં આવી ત્યારે લીગ સ્ટેજની 57 મેચ પૂર્ણ થઈ ગઈ હતી.

58મી મેચ અધવચ્ચે જ રોકી દેવામાં આવી. 57 મેચ પછી ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ પોઈન્ટ ટેબલમાં સૌથી વધુ 16-16 પોઈન્ટ સાથે ટોચ પર છે. સારા રન રેટને કારણે GT ટોચ પર રહ્યું. પંજાબ ત્રીજા સ્થાને, મુંબઈ ચોથા સ્થાને અને દિલ્હી પાંચમા સ્થાને હતું.

જ્યારે ચેન્નઈ, રાજસ્થાન અને હૈદરાબાદની ટીમો પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગઈ હતી.ગુજરાત-બેંગલુરુ વચ્ચે 3-3 મેચ બાકી છે ટુર્નામેન્ટ બંધ થઈ ત્યાં સુધીમાં, 4 ટીમો પાસે 2-2 મેચ બાકી હતી. જ્યારે ગુજરાત અને બેંગલુરુ સહિત 6 ટીમે 3-3 મેચ રમી ન હતી. લખનઉ અને બેંગલુરુ વચ્ચેની મેચ શુક્રવારે લખનઉમાં રમાવાની હતી, પરંતુ એ પહેલા જ ટુર્નામેન્ટ બંધ કરી દેવામાં આવી હતી.IPL 2025ની નવી તારીખો ક્યારે જાહેર થશે? IPLનો આ તબક્કો અહીં જ રોકાઈ ગયો છે.

હવે વિશ્વની સૌથી રોમાંચક T20 લીગની બાકીની મેચ પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ યોજાશે. તેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બીજો વિકલ્પ એ હોઈ શકે છે કે મેચ ખાલી સ્ટેડિયમમાં યોજવામાં આવે અને દર્શકોને સ્ટેડિયમમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવે.ગયા વર્ષે પણ IPL બે તબક્કામાં યોજાઈ હતી 2024ની IPL બે તબક્કામાં રમાઈ હતી, કારણ કે એ જ સમયે લોકસભાની ચૂંટણીઓ પણ યોજાઈ રહી હતી. પહેલો ભાગ 22 માર્ચથી 7 એપ્રિલ સુધી ચાલ્યો હતો, જેમાં 21 મેચ રમાઈ હતી. આ પછી, જ્યારે ચૂંટણીની તારીખો નક્કી કરવામાં આવી, ત્યારે બાકીની મેચો અને પ્લેઓફ શિડ્યૂલ કરવામાં આવ્યાં અને રમાયાં. આ કારણે ટુર્નામેન્ટ સરળતાથી યોજાઈ શકી અને કોઈ સમસ્યા નહોતી.PSL અને IPL એકસાથે યોજાઈ રહી છે આ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લીગ અને પાકિસ્તાન સુપર લીગ લગભગ એકસાથે યોજાઈ રહી છે.

PSL 2025 11 એપ્રિલના રોજ શરૂ થયું, જ્યારે IPL 22 માર્ચે શરૂ થઈ હતી. PSL ડ્રાફ્ટ IPL 2025 મેગા ઓક્શન પછી યોજવામાં આવ્યો હતો, જેથી ફક્ત તે ખેલાડીઓનો જ સમાવેશ કરી શકાય જે IPL ઓક્શનમાં વેચાયા નહોતા. આવી સ્થિતિમાં ડેવિડ વોર્નર, ડેરિલ મિચેલ, જેસન હોલ્ડર, રાસી વાન ડેર ડુસેન અને કેન વિલિયમ્સન જેવા ખેલાડીઓએ PSL તરફ વળ્યા. આ ખેલાડીઓ IPL 2025ના મેગા અનસોલ્ડ રહ્યા હતા.

# આજે ધર્મશાળામાં PBKS Vs DC:હેડ ટુ હેડ રેકોર્ડ્સમાં એક મેચનો જ તફાવત; વરસાદની શક્યતા 65%




ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025માં આજે પંજાબ કિંગ્સ (PBKS) દિલ્હી કેપિટલ્સ (DC) સામે ટકરાશે. આ મેચ હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન ધર્મશાલા સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે રમાશે. 2023માં, દિલ્હીએ આ મેદાન પર પંજાબને 15 રનથી હરાવ્યું હતું.આ સિઝનમાં બંને ટીમ પહેલી વાર એકબીજા સામે ટકરાશે. પંજાબે તેની છેલ્લી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સને 37 રનથી હરાવ્યું હતું. તે જ સમયે, દિલ્હીની સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચ વરસાદને કારણે અનિર્ણિત રહી હતી.બંને ટીમ હાલમાં પ્લેઓફની દોડમાં છે. શ્રેયસ અય્યરની ટીમ 11 મેચમાં 7 જીત અને 15 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે, જ્યારે અક્ષર પટેલની ટીમ 11 મેચમાં 6 જીત અને 13 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે.પ્લેઓફમાં પહોંચવા માટે પંજાબને ત્રણમાંથી ઓછામાં ઓછી બે મેચ જીતવાની જરૂર છે. બીજી તરફ, દિલ્હીને બાકીની 3 મેચમાંથી ત્રણેય જીતવી પડશે.મેચ ડિટેઈલ્સ, 58મી મેચ PBKS Vs DC તારીખ- 8 મે સ્ટેડિયમ- HPCA, ધર્મશાલા સમય: ટૉસ - સાંજે 7:00 વાગ્યે, મેચ શરૂ - સાંજે 7:30 વાગ્યેપંજાબ એક જીત સાથે આગળ IPLમાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે અત્યાર સુધીમાં 33 મેચ રમાઈ છે, જેમાંથી PBKSએ 17 અને DCએ 16 મેચ જીતી છે. ધર્મશાલામાં બંને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં 4 મેચ રમાઈ છે, જેમાંથી પંજાબ કિંગ્સે બે અને દિલ્હી કેપિટલ્સે બે મેચ જીતી છે.પંજાબના ઓપનર્સ ફોર્મમાં, અર્શદીપ ટૉપ બોલર પંજાબ કિંગ્સના ટોપ ઓર્ડર બેટર માટે IPLની 18મી સીઝન શાનદાર રહી છે. ઓપનર પ્રભસિમરન સિંહ ટીમનો ટૉપ સ્કોરર છે. તેણે 170ના સ્ટ્રાઈક રેટથી 437 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેણે 4 ફિફ્ટી પણ ફટકારી છે. કેપ્ટન શ્રેયસ અય્યર PBKSના બીજો ટોચનો બેટર છે. તેણે 4 અડધી સદી સાથે 405 રન બનાવ્યા છે. ઓપનર પ્રિયાંશ આર્ય 347 રન સાથે ત્રીજા સ્થાને છે. ટીમ પાસે ડેથ ઓવરોમાં ફિનિશિંગ કરવા શશાંક સિંહ અને નેહા વાઢેરા જેવા બેટર્સ છે.લેફ્ટ આર્મ બોલર અર્શદીપ સિંહ પંજાબનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે 11 મેચમાં 16 વિકેટ લીધી છે.

અર્શદીપે 8 ના ઈકોનોમી રેટથી રન આપ્યા છે. લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે આ IPLની એકમાત્ર હેટ્રિક લીધી છે. તેણે અત્યાર સુધીમાં 11 મેચમાં 14 વિકેટ લીધી છે.રાહુલ ટોચનો બેટર, સ્ટાર્ક પણ ફોર્મમાં દિલ્હીનો કેએલ રાહુલ શાનદાર ફોર્મમાં છે. તેણે છેલ્લી 10 મેચોમાં 142.61ના સ્ટ્રાઈક રેટથી 381 રન બનાવ્યા છે. રાહુલના નામે 3 ફિફ્ટી પણ છે. ટીમના ઓપનર અભિષેક પોરેલે 11 મેચમાં 265 રન બનાવ્યા છે.બોલિંગમાં, મિચેલ સ્ટાર્ક ટીમનો સૌથી સફળ બોલર છે. તેણે છેલ્લા 11 મેચમાં 14 વિકેટ લીધી છે. સ્ટાર્ક પછી, ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવનો નંબર આવે છે. તેણે 11 મેચમાં 12 વિકેટ લીધી છે.પિચ અને મેચ રેકોર્ડ્સ ધર્મશાલામાં કુલ 14 IPL મેચ રમાઈ છે. આમાંથી, પહેલા બેટિંગ કરનારી ટીમે 9 મેચ જીતી છે, જ્યારે ચેઝ કરતી ટીમ 5 મેચમાં સફળ રહી છે. અહીં ટીમ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરી શકે છે. ધર્મશાલાની પિચ બેટિંગ માટે અનુકૂળ છે.પંજાબ કિંગ્સે આ મેદાન પર અત્યાર સુધીમાં 14 મેચ રમી છે, જેમાં તેઓ ફક્ત 6 વાર જીત્યા છે જ્યારે 8 વાર હારનો સામનો કરવો પડ્યો છે. આનો અર્થ એ થયો કે ટીમની જીતની ટકાવારી લગભગ 42.86% રહી છે. આ મેદાન પર અત્યાર સુધીનો સૌથી વધુ સ્કોર 241/7 છે, જે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ પંજાબ કિંગ્સ સામે બનાવ્યો હતો.હવામાન પરિસ્થિતિઓ મેચ પહેલા ધર્મશાલાનું હવામાન ચિંતાનો વિષય છે.

# ભારતના હવાઈ હુમલા બાદ શેરમાર્કેટ 7,241 પોઈન્ટ તૂટ્યું, રોકાણકારોના 5 લાખ કરોડ ડૂબ્યા



પહેલગામ હુમલાના જવાબમાં ભારત દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ આજે 8 મેના રોજ પાકિસ્તાનના શેરબજારમાં 6%થી વધુનો ઘટાડો થયો છે. કરાચી-100 ઈન્ડેક્સ 7,241 પોઈન્ટ અથવા 6.58% ઘટીને 102,767 પર બંધ થયો. ઘટાડાને કારણે દિવસ દરમિયાન વેપાર બંધ કરવો પડ્યો, જોકે પછીથી એને શરૂ કરવામાં આવ્યો હતો.ગઈકાલે પણ બજાર 3,556 પોઈન્ટ (3.13%) ઘટ્યું હતું, એટલે કે પાકિસ્તાનનું બજાર બે દિવસમાં લગભગ 10,000 પોઈન્ટ ઘટ્યું છે. બીજી તરફ, 22 એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી KSE 100 13% ઘટ્યો છે.પાકિસ્તાની રોકાણકારો IMFના નિર્ણય પર નજર રાખી રહ્યા છે પાકિસ્તાનના રોકાણકારો IMF એટલે કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના નિર્ણય પર નજર રાખી રહ્યા છે. આમાં IMF નક્કી કરશે કે પાકિસ્તાનને આપવામાં આવતી ભંડોળ સુવિધાને લંબાવવી કે નહીં. IMF આવતીકાલે એટલે કે 9 મેના રોજ પોતાનો નિર્ણય જાહેર કરશે.પાકિસ્તાની રોકાણકારો IMFના નિર્ણય પર નજર રાખી રહ્યા છેપાકિસ્તાનના રોકાણકારો IMF એટલે કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના નિર્ણય પર નજર રાખી રહ્યા છે. આમાં,IMF નક્કી કરશે કે પાકિસ્તાનને આપવામાં આવતી ભંડોળ સુવિધાને લંબાવવી કે નહીં. IMF આવતીકાલે એટલે કે 9 મેના રોજ પોતાનો નિર્ણય જાહેર કરશે.ભારતે પાકિસ્તાનમાં 9 આતંકવાદી ઠેકાણાં પર હવાઈ હુમલા કર્યા7 મેના રોજ સવારે લગભગ 1 વાગ્યે ભારતે પાકિસ્તાનનાં 7 શહેરમાં 9 આતંકવાદી ઠેકાણાં પર હવાઈ હુમલા કર્યા. આમાં 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા. ત્રણેય સેનાઓએ મળીને પાકિસ્તાન પરના આ હુમલાને 'ઓપરેશન સિંદૂર' નામ આપ્યું છે.આ નામ એ મહિલાઓને સમર્પિત છે જેમના પતિઓને 22 એપ્રિલે પહેલગામમાં આતંકવાદીઓએ તેમના ધર્મ વિશે પૂછ્યા પછી મારી નાખ્યા હતા. ભારત દ્વારા આ બદલાની કાર્યવાહી પહેલગામ હુમલાના 15 દિવસ પછી કરવામાં આવી છે. પહેલગામ હુમલામાં આતંકવાદીઓએ 26 લોકોની હત્યા કરી હતી.હવાઈ હુમલા બાદ લાહોરમાં ત્રણ વિસ્ફોટહવાઈ હુમલા બાદ આજે પાકિસ્તાનના લાહોરમાં વોલ્ટન રોડ પર એક પછી એક ત્રણ વિસ્ફોટ થયા, જેના કારણે લોકો ડરના માર્યા ઘરની બહાર નીકળી ગયા. ARY ન્યૂઝે પોલીસને ટાંકીને આ માહિતી આપી છે. આ વિસ્ફોટ ગુલબર્ગની આસપાસ થયા હતા, જે લાહોરના સંવેદનશીલ જિલ્લાઓમાંનો એક છે.ભૂ-રાજકીય તણાવની ભારતીય બજાર પર બહુ અસર નથીહવાઈ હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના ભૂ-રાજકીય તણાવની ભારતીય બજાર પર ખાસ અસર થતી હોય એવું લાગતું નથી. ગુરુવાર, 8 મે, અઠવાડિયાના ચોથા કારોબારી દિવસે સેન્સેક્સ 412 પોઈન્ટ ઘટીને 80,335 પર બંધ થયો. નિફ્ટી પણ 141 પોઈન્ટ ઘટીને 24,274 પર બંધ થયો.સેન્સેક્સના 30 શેરોમાંથી 26 શેરો ઘટાડા સાથે બંધ થયા. ઝોમેટોનો શેર 3.97% ઘટ્યો છે. મહિન્દ્રા, બજાજ ફાઈનાન્સ, મારુતિ અને ટાટા સ્ટીલના શેર 3.5% સુધી ઘટીને બંધ થયા. એ જ સમયે HCL, એક્સિસ બેંક, કોટક બેંક અને ટાઈટનના શેર વધીને બંધ થયા.નિફ્ટીના 50 શેરોમાંથી 45 શેરોમાં ઘટાડો થયો. NSE સેક્ટરલ ઈન્ડેક્સમાં, રિયલ્ટી 2.47%, મેટલ 2.09%, હેલ્થકેર 1.95%, ઓટો 1.90%, ફાર્મા 1.62% અને ગવર્નમેન્ટ બેંકિંગ ઈન્ડેક્સ 1.35% ઘટીને બંધ થયા. આઈટી અને મીડિયામાં થોડો વધારો થયો.પાકિસ્તાનના રોકાણકારો IMF એટલે કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના નિર્ણય પર નજર રાખી રહ્યા છે. આમાં,IMF નક્કી કરશે કે પાકિસ્તાનને આપવામાં આવતી ભંડોળ સુવિધાને લંબાવવી કે નહીં.

## દેશ - વિદેશ

# વર્લ્ડ બેંકે ભારત પર દબાણ કરવાનો ઇનકાર કર્યો, કહ્યું- અમે ફક્ત મધ્યસ્થી



પાકિસ્તાનને ઝટકો આપતાં વિશ્વ બેંકે સ્પષ્ટપણે કહ્યું છે કે, તે ભારતને પોતાનો નિર્ણય બદલવા માટે દબાણ કરી શકે નહીં. વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગાએ કહ્યું છે કે દ્વિપક્ષીય મુદ્દાઓમાં મધ્યસ્થી સિવાય સંસ્થાની કોઈ ભૂમિકા નથી.બંગાએ કહ્યું કે આ કરાર બે દેશો વચ્ચે છે અને જો તેઓ અસંમત થાય છે, તો વિશ્વ બેંકની ભૂમિકા ફક્ત વિવાદના ઉકેલ માટે તટસ્થ નિષ્ણાત અથવા મધ્યસ્થીની વ્યવસ્થા કરવાની છે. આ જ અમારી ભૂમિકા છે.પાકિસ્તાને ગયા મહિનાના અંતમાં કહ્યું હતું કે તે ભારતના એકપક્ષીય અને ગેરકાયદેસર નિર્ણયને ઉલટાવી લેવા માટે વિશ્વ બેંકનો સંપર્ક કરશે.વિશ્વ બેંકના પ્રમુખનું આ નિવેદન ભારત-પાકિસ્તાન યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે આવ્યું છે. પહેલગામ હુમલાના જવાબમાં ભારતે 7 મેના રોજ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં અનેક સ્થળોએ હુમલો કર્યો.પાકિસ્તાન સરકારના જણાવ્યા અનુસાર, ભારતીય હુમલાઓમાં અત્યાર સુધીમાં 31 લોકો માર્યા ગયા છે અને 57 લોકો ઘાયલ થયા છે.પાકિસ્તાનમાં શું-શું ચાલી રહ્યું છે એ વાંચવા માટે નીચે બ્લોગ પર જાઓ...લાઈવ અપડેટ્સ1 મિનિટ પેહલાપાકિસ્તાની બોલરે ફેન્ટાસ્ટિક ટી ટ્રેન્ડમાં ભાગ લીધોપાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી પછી, લેગ-સ્પિનર અબરાર અહેમદે ફેન્ટાસ્ટિક ટી ટ્રેન્ડમાં ભાગ લીધો છે. તેણે ટીમના સભ્યો બાબર આઝમ, સરફરાઝ અહેમદ, ફખર ઝમાન અને મોહમ્મદ અમીરને ચા પીરસી.આ પહેલા, આફ્રિદીએ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર શિખર ધવનના ટ્વિટના જવાબમાં ચા સાથેનો પોતાનો ફોટો શેર કર્યો હતો. હકીકતમાં, 2019માં ભારતીય વાયુસેનાના પાઈલટ અભિનંદને પાકિસ્તાની કસ્ટડીમાં ચા પીતી વખતે કહ્યું હતું કે, 'ટી ઈઝ ફેન્ટાસ્ટિક (ચા શાનદાર છે.)'27 મિનિટ પેહલાપાકિસ્તાની મંત્રીએ કહ્યું- પરંપરાગત યુદ્ધમાં અમે ભારત કરતા સારા છીએપાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે કહ્યું કે પાંચ ભારતીય વિમાન અને 77 ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડ્યા બાદ, એ સાબિત થયું છે કે પરંપરાગત યુદ્ધમાં પાકિસ્તાન ભારત કરતા વધુ સારું છે.તેમણે કહ્યું- પાકિસ્તાન એક શાંતિપ્રિય દેશ છે, પરંતુ કોઈપણ હુમલા સામે પોતાનો બચાવ કરવો એ અમારો કાનૂની અને નૈતિક અધિકાર છે. પાકિસ્તાને આ અધિકારનો જવાબદારીપૂર્વક ઉપયોગ કર્યો છે અને આગળ પણ કરતો રહેશે.46 મિનિટ પેહલાવર્લ્ડ બેંકે પાકિસ્તાનને આપ્યો મોટો ઝટકોસિંધુ જળ કરારના મામલે વિશ્વ બેંકે પાકિસ્તાનને ઝટકો આપ્યો છે. ચેરમેન અજય બંગાએ સ્પષ્ટ કર્યું કે વિશ્વ બેંક આ વિવાદમાં દખલ કરશે નહીં. તેમણે કહ્યું કે 1960માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા આ કરારમાં વિશ્વ બેંકની ભૂમિકા ફક્ત મધ્યસ્થીની છે. બેંક નવીનતમ અવ્યવસ્થા ઉકેલમાં કોઈ ભાગ લેશે નહીં.જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે તાત્કાલિક અસરથી આ કરારને સ્થગિત કરી દીધો હતો.06:03 PM9 મે 2025પાકિસ્તાને કહ્યું- ભારત સરકાર પાણીને હથિયાર બનાવવા પર તત્પર છેપાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શફકત અલી ખાને કહ્યું કે ભારત સરકાર પાણીનો હથિયાર તરીકે ઉપયોગ કરવા પર તટસ્થ છે. તેમણે કહ્યું કે સિંધુ જળ કરાર અંગે બંને દેશો વચ્ચે સ્પષ્ટ વ્યવસ્થા છે, પરંતુ ભારત સરકાર પાણીનો ઉપયોગ હથિયાર તરીકે કરવા પર તટસ્થ છે.પ્રવક્તાએ કહ્યું કે, સિંધુ જળ કરારને સ્થગિત રાખવી એકપક્ષીય અને ગેરકાયદેસર છે, સંધિમાં આવી કોઈ જોગવાઈ નથી. આવી સ્થિતિમાં, ભારતના પગલાં દર્શાવે છે કે તે આંતરરાષ્ટ્રીય કરારોનું સન્માન કરતું નથી. તેમણે કહ્યું કે ભારતનો નિર્ણય પાકિસ્તાનના લોકો અને તેની અર્થવ્યવસ્થા પર હુમલો છે.06:00 PM9 મે 2025ઓપરેશન સિંદૂરની ટાઈમલાઈન05:56 PM9 મે 2025ચીને તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરીભારત અને પાકિસ્તાનમાં સ્થિત ચીની દૂતાવાસોએ તેમના નાગરિકોને બંને દેશોમાં મુસાફરી કરતી વખતે સાવધાની રાખવાની સલાહ આપી છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા 3 દાયકામાં સૌથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.05:09 PM9 મે 2025પાકિસ્તાની સેનાએ કહ્યું- ભારત રાજકીય ઉદ્દેશ્યો પૂરા કરી રહ્યું છેપાકિસ્તાની સેનાના પ્રવક્તા શરીફ ચૌધરીએ દાવો કર્યો છે કે ભારત પોતાના રાજકીય ઉદ્દેશ્યો પૂરા કરવા માટે આતંકવાદનો લાભ લઈ રહ્યું છે.તેમણે કહ્યું કે પાકિસ્તાને પહેલગામ કેસમાં નિષ્પક્ષ તપાસ કરવા માટે ઘણી ઓફરો કરી હતી, પરંતુ ભારતે દરેક વખતે તેમને નકારી કાઢ્યા.04:59 PM9 મે 2025પાકિસ્તાની સેનાએ કહ્યું- ભારતીય સેના જાણી જોઈને નાગરિકોને નિશાન બનાવી રહી છેપાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ કહ્યું કે ભારતીય સેના જાણી જોઈને પાકિસ્તાની નાગરિકોને નિશાન બનાવી રહી છે.તેમણે કહ્યું કે ભારત નાના હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ગુરુવારની સરખામણીમાં ભારતનો હુમલો ઓછો થયો છે.04:50 PM9 મે 2025પાકિસ્તાની સેનાનો દાવો- ગોળીબારમાં 5 પાકિસ્તાનીઓ માર્યા ગયાપાકિસ્તાની સેનાએ કહ્યું છે કે ગુરુવારે રાત્રે LoC પર ભારતીય સેનાના ગોળીબારમાં 5 પાકિસ્તાની નાગરિકો માર્યા ગયા છે. સમા ન્યૂઝ અનુસાર, કોટલી અને નીલમઘાટી વિસ્તારોમાં જાનહાનિ થઈ છે.04:49 PM9 મે 2025પાકિસ્તાની અખબારોની હેડલાઈન્સપાકિસ્તાનના મોટાભાગના અખબારોની હેડલાઈન્સમાં પાકિસ્તાન આર્મીના 29 ડ્રોન તોડી પાડવાના દાવાનો ઉલ્લેખ છે.04:14 PM9 મે 2025પાકિસ્તાને ભારત પર બંને દેશોને યુદ્ધની નજીક લાવવાનો આરોપ લગાવ્યોપાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ભારત પર બંને દેશોને યુદ્ધની નજીક લાવવાનો આરોપ લગાવ્યો છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા શફકત અલી ખાને ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે બે પરમાણુ સશસ્ત્ર દેશોને યુદ્ધની નજીક લાવવા માટે ભારત જવાબદાર છે.શફકતે તેને ભારતનું બેજવાબદાર વલણ ગણાવ્યું. શફકત પ્રેસ કોન્ફરન્સના મહત્વપૂર્ણ મુદ્દાઓ- 1. શું દુનિયાનો કોઈ પણ દેશ સોશિયલ મીડિયા પોસ્ટના આધારે બીજા દેશ પર હુમલો કરી શકે છે?2. પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર હુમલો કરવાનો ભારતનો દાવો ખોટો છે, નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા.3. સિંધુ કરાર તોડવાનો ભારતનો દાવો ગેરકાયદેસર છે, આ કરાર હજુ પણ અમલમાં છે.03:22 PM9 મે 2025વિદેશ મંત્રી ઈશાક ડારે યુકેના વિદેશ સચિવ સાથે વાત કરીપાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ લેમી સાથે વાત કરી છે. ડારે ડેવિડને ભારત અને પાકિસ્તાન વચ્ચેના વર્તમાન પ્રાદેશિક તણાવ વિશે માહિતી આપી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આ અંગે એક નિવેદન બહાર પાડ્યું છે.

# સુરત પાલિકાની બેદરકારી, દુકાનદારને લાભ કરાવવા વૃક્ષો કાપી નાખ્યા

સુરત પાલિકા દ્વારા દર વર્ષે જૂન મહિનામાં વૃક્ષારોપણ કરે છે અને લાખો રુપિયા વૃક્ષારોપણ પાછળ ખર્ચે છે. પરંતુ કેટલાક લોકો પોતાની દુકાન કે મિલકત બહાર પોતાના અંગત સ્વાર્થ માટે વૃક્ષો કાપી નાંખે છે. આવી જ એક ફરિયાદ પાલિકાના રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં થઈ છે. જ્યાં દુકાનદારને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડમાંથી કાઢી નાખવામાં આવ્યું ફોટા સાથે ફરિયાદ કરવામાં આવી છે.

સુરત પાલિકા દ્વારા પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે શહેરમાં લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરે છે.

પરંતુ ત્યાર બાદ કાળજી લેતી ન હોવાથી કેટલાક તત્વો દ્વારા પાલિકાએ રોપેલા વૃક્ષોનું આડેધડ છેદન કરવામાં આવી રહ્યું છે. તેમાં કેટલીક વખત પાલિકાના કર્મચારીઓ પણ વિલનની ભૂમિકા આવીને હેવી ટ્રિમિંગ કરી દેતા હોવાની ફરિયાદ થઈ રહી છે. સુરતના એક માજી કોર્પોરેટરે રાંદેર ઝોનને ફરિયાદ કરી છે કે, અડાજણ રંગીલા સર્કલ મહાલક્ષ્મી મંદિર પાસે અસંખ્ય વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરવામાં આવ્યું છે અને એક દુકાનદાર ને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડ માંથી કાપી નાખવામાં આવ્યું છે.

# આકસ્મિક સંજોગોમાં તકેદારીના પગલાઓ અંગે ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની બેઠક યોજાઈ



ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી પ્રવર્તમાન સ્થિતિ વચ્ચે આકસ્મિક સંજોગોમાં તકેદારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. કલેક્ટરશ્રીએ શહેર-જિલ્લાની સરકારી, ખાનગી હોસ્પિટલો, ૧૦૮ એમ્બ્યુલન્સ, સિવિલ ડિફેન્સના વોર્ડનો તેમજ સ્વયંસેવકોની તાલીમ, ફાયર, પોલીસ, ડિઝાસ્ટર, આરોગ્ય અને મહેસૂલ વિભાગની સજ્જતા, આપદામિત્રોને તાલીમબદ્ધ કરી તૈનાત રાખવા, નિયત કરાયેલા સ્થળોએ સાયરનની સુવિધા કાર્યરત રાખવા સૂચના આપી હતી. કલેક્ટરશ્રીએ ભવિષ્યમાં સુરત જિલ્લામાં આકસ્મિક પરિસ્થિતિનું નિર્માણ થાય તો તેવા કટોકટીના સમયે મહત્વના સ્થળો અને નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા, જાનમાલનું રક્ષણ, દવાઓ, બ્લડ, ઈમરજન્સી સેવા, મેડિકલ-એમ્બ્યુલન્સની પૂરતી સુવિધા સાથે રેસ્ક્યુના તમામ સાધનો-વ્યવસ્થા હાથવગા રાખવા અંગે પૂરતી કાળજી રાખી સ્ટાફને સેન્સિટાઈઝ કરી સતર્ક રહેવા જણાવ્યું હતું. આમ નાગરિકોના પૂરતા સહયોગ માટે જિલ્લામાં કાર્યરત વિવિધ સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓ, ખાનગી તબીબો, સામાજિક સંસ્થાઓ વગેરે તાકીદના સમયે ઉપયોગી બને અને તેમની કુશળતાનો ઉપયોગ કરવા પર ખાસ ભાર મૂકી સંપર્ક નંબર-નામો સાથેની યાદી તૈયાર રાખવા, કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે સતર્ક રહી લોકોને જાગૃત કરવા સાથે સોશ્યલ મીડિયામાં અફવા-ગેરસમજ ફેલાવતી પોસ્ટ ન કરવા લોકોને પણ કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો. DCP (સ્પેશ્યલ બ્રાંચ) હેતલ પટેલે સોશ્યલ મીડિયામાં ગેરમાર્ગે દોરે, અફવા ફેલાવે, રાષ્ટ્રભાવનાને હાનિ પહોંચે તેમજ સેનાનું મનોબળ તોડે તેવી પોસ્ટ, રીલ્સ અંગે સાયબર ક્રાઈમ સેલને જાણ કરવા જણાવ્યું હતું, જેથી ધોરણસરના પગલા લઈ શકાય. તેમણે સુરક્ષાના કારણોસર આગામી તા.૧૫મી સુધી ડ્રોન ઉડાડવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હોવાની વિગતો આપી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારી, DCP (સેક્ટર-૧) વાબાંગ ઝમીર, મનપાના ડે. કમિશનર મુકેશ ગુરવ સહિત પોલીસ, ફાયર, મનપા, ડિઝાસ્ટર, આરોગ્ય અધિકારીઓ, સિવિલ ડિફેન્સના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.સંવાદદાતા વિજય મકવાણા સુરત

# ભારત પાકિસ્તાન યુદ્ધને લઈ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં તમામ તૈયારીઓ ચાલુ



ભારત પાકિસ્તાન યુદ્ધના તણાવની પરિસ્થિતિ વચ્ચે સિવિલ હોસ્પિટલમાં તૈયારીઓ શરૂ. ત્રણ મહિના ચાલે તેટલો દવાનો સ્ટોક કરી દેવામાં આવ્યા છે તમામ સભ્યો અને નર્સિંગ સ્ટાફ ની રજા કેન્સલ કરવામાં આવી ચોક્કસ કારણ વગર રજા નહીં લેવા માટે આદેશ. સુરત નવી સિવિલ હોસ્પિટલ આર એમ ઓ દ્વારા આદેશ યુદ્ધને પગલે એક્સ્ટ્રા જનરેટર ની પણ સુવિધા કરવામાં આવી છે બ્લડ બેંકમાં બ્લડની પણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી જે થી બ્લડ ની જરૂર હોય તેવા દર્દી ને ઈમરજન્સી બ્લડ મળી શકે સંવાદદાતા વિજય મકવાણા સુરત

# સુરતના અઠવાલાઈન્સ સ્થિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી ખાતે ૨૪x૭ વોર રૂમ શરૂ કરાયો



ભારત-પાકિસ્તાન વચ્ચે ઉદ્ભવેલી યુદ્ધની તણાવભરી સ્થિતિમાં સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભારત-પાકિસ્તાન સરહદે સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે સુરત શહેરના અઠવાલાઈન્સ સ્થિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી ખાતે સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના નેજા હેઠળ ૨૪x૭ વોર રૂમ શરૂ કરાયો છે. કંટ્રોલ રૂમમાં હોટલાઈન, વાયરલેસ સહિત સેટેલાઈટ ફોન તેમજ જનરેટર, ટોર્ચ લાઈટ, પાવર સપ્લાયની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત ડિઝાસ્ટર શાખાના નાયબ મામલતદાર સાજીદ મેરૂજયએ વોર રૂમ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, નાગરિક સંરક્ષણને લગતી ૧૨ પ્રકારની સેવાઓ માટે વિવિધ વિભાગના અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવશે. સાથે સાથે BSNL, જિયો, વોડાફોન અને એરટેલ સહિતની ટેલી કમ્યુનિકેશન સર્વિસ પ્રોવાઈડરના નેટવર્કનું પણ મોનિટરિંગ કરાશે. લો એન્ડ ઓર્ડરની સ્થિતિ માટે પોલીસ કમિશનર સીધી રીતે જોડાયેલા રહેશે. ફાયરની સ્થિતિમાં આગને કાબુમાં લેવા માટે વિસ્તાર વાઈઝ અધિકારીઓને જવાબદારી સોંપાશે. તેમજ રેસ્ક્યુ અને શોધખોળ, બચાવ-રાહત કામગીરી માટે પણ અધિકારીઓને જવાબદારી સોંપાશે. વધુમાં મેરૂજયએ કહ્યું હતું કે, ટ્રાન્સપોર્ટેશન સેવા (સાલવેજ સર્વિસીસ) મિલકતની સંભાળ, કાટમાળ હટાવવો, પુરવઠા સેવા સહિતની સેવાઓનું આયોજન અને મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ડિસ્ટ્રીક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સેટેલાઈટ ફોન પણ કાર્યરત છે. ૧૨ જેટલી સેવાઓ માટે નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવશે. આ ઉપરાંત કટોકટીની સ્થિતિને પહોચી વળવા તમામ સવલતોનું પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કંટ્રોલ રૂમ ખાતે સુરત જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમ ફોન નંબર ૦૨૬૧ - ૨૬૬૩૨૦૦, ૨૬૬૩૬૦૦, ડિઝાસ્ટર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૦૭૭ તેમજ સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ ફોન નંબર - ૦૨૬૧ - ૨૨૪૧૩૦૧, ૨, ૩ અને સુરત ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૨૬૧ - ૨૬૫૧૮૪૦ પર સંપર્ક કરી શકશે. હાલ સુરત શહેર સહિત જિલ્લામાં પરિસ્થિતિ શાંત અને સલામત છે. -૦૦- નાગરિક સંરક્ષણની ૧૨ સેવાઓ:. . . . . . . . . (૧) મુખ્ય મથક સેવા(૨) વોર્ડન સેવા(૩) અગ્નિ શામક સેવા (૪) આકસ્મિક સેવા (૫) સંદેશા વ્યવહાર સેવા (૬) બચાવ સેવા (૭) તાલીમ સેવા (૮) કલ્યાણ સેવા (૯) ડેપો અને વાહન વ્યવહાર સેવા (૧૦) મડદા નિકાલ સેવા (૧૧) પુરવઠા સેવા અને(૧૨) મિલકત બચાવ સેવા ઉપરોક્ત તમામ પ્રકારની સેવાઓનું કંટ્રોલ રૂમ ખાતેથી ૨૪x૭ કલાક નિરીક્ષણ થઈ રહ્યું છેસંવાદદાતા વિજય મકવાણા સુરત

# સોના -ચાંદીના દાગીના ધોવાના લિક્વિડ/પાઉચ વહેચવાના બહાને ચીલ ઝડપ કરતા બે પરપ્રાંતીય ઈસમોને પકડી પાડી, દામનગર પો.સ્ટે. નો ચીલ ઝડપનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ



ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.વી.એમ.કોલાદરા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દામનગર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે બે પરપ્રાંતીય ઈસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, સઘન પુછ પરછ કરતા દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચીલ ઝડપના ગુનાની કબુલાત કરતા, દામનગર પોલીસ સ્ટેશનનો ચીલ ઝડપનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. ડીટેકટ કરવામાં આવેલ ગુનાની વિગતઃ- દામનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૭૨૪૦૦૮૭/૨૦૨૪ ઈ.પી.કો. કલમ ૩૭૯(એ), ૩૪ મુજબ. પકડાયેલ આરોપીની વિગતઃ- (૧) મોહમદફારૂક મોહમદમજનુ રાયન, ઉ.વ.૨૮, રહે.તુલસીપુર ગામ, વોર્ડ નં.૧૧, તા.ખરીદ, જિ.ભાગલપુર (બિહાર) હાલ રહે.હાંસી, લાલ સડક રોડ, તા.હાંસી, જિ.હીસાર (હરીયાણા).(૨) મોહમદઅમજદ મોહમદઈલીમ કુંજરા, ઉ.વ.૨૯, રહે.જમુનીયા ગામ, સબ્જી ટોલા, થાના - પરવત્તા, જિ.ભાગલપુર (બિહાર) હાલ રહે.હાંસી, લાલ સડક રોડ, તા.હાંસી, જિ.હીસાર (હરીયાણા).કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ- રોકડા રૂ.૫૦,૦૦૦/- તથા લિક્વિડના પાઉચ નંગ - ૫ કિં.રૂ.૧૦૦/- તથા પાવડરના પાઉચ નંગ - ૧ કિં.રૂ.૫૦/- તથા એક એસિડ ભરેલ પ્લાસ્ટીકની બોટલ કિં.રૂ.૦૦/- તથા એક પ્લાસ્ટીકની નાની ડોલ કિં.રૂ.૧૦/- તથા પ્લાસ્ટીકના બાઉલ નંગ - ૪ કિં.રૂ.૨૦/- તથા એક સ્ટીલનો ડબ્બો કિં.રૂ.૨૦/- તથા એક વાદલી કલરનું બેગ કિં.રૂ.૧૦૦/- તથા એક યામાહા કંપનીનું એફ.ઝેડ ૧૬ મોડલનું નંબર પ્લેટ વગરનું મોટર સાયકલ કિં.રૂ.૨૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૭૫,૩૦૦/- નો મુદ્દામાલ. પકડાયેલ આરોપીનો ગુનાહિત ઈતિહાસઃ- પકડાયેલ આરોપી પૈકી મોહમદફારૂક મોહમદમજનુ રાયન નીચેના ગુનામાં પકડાયેલ છે. (૧) લાઠી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૪૦૦૨૮/ ૨૦૨૪, આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબ(૨) બિહાર રાજયના ગોપાલપુર પોલીસ સ્ટેશનમાં હથિયાર ધારાનો ગુનો રજી. થયેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ.કોલાદરા તથા પો.સ.ઈ.કે.ડી.હડીયા તથા એ.એસ.આઈ. યુવરાજસિંહ રાઠોડ તથા હેડ કોન્સ. મનીષભાઈ જાની, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. અશોકભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે.

અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# અમરેલી વીજ કંપની તરફથી ગરીબ અને મધ્યમવર્ગના P.G.V.C.L. ગ્રાહકને ત્યાં ધાડા ઊતારી ધમકાવાની કાર્યવાહીમાં થયેલ મોતમાં ગુન્હો નોંધવા બાબત હજુ વાત કરતા પૂર્વ સાંસદ વીરજી ઠુંમર



સવિનય સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, અમરેલી જિલ્લાનાં સમાહર્તા અને જિલ્લા કલેકટરશ્રી તરીકે અમરેલી છેવાડા વિસ્તારના એક મહિલા જેનુબેન મજેઠીયા ના ઘરે ડરાવી ધમકાવી ધાડપાડુની જેમ ધાડા ઊતારી બેનને મોત સુધી પહોંચાડતા P.G.V.C.L. ના કર્મચારી/અધિકારીઓ તરફથી જે કાર્યવાહી કરેલ છે તે દુઃખદ છે. ગરીબ માણસોને પોતાની રોજી-રોટી કે પોતાનું પેટ ભરી શકતા નથી તેવા સંજોગોમાં ડરાવી ધમકાવી મોટી કંપનીના બીલ માફ થાય છે અને નાના માણસોને મોત તરફ લઈ જાય છે ખુબજ ગંભીર બાબત છે. ઉર્જા વિભાગની જેટકો તરફથી જાફરાબાદ તાલુકામાં કરોડો રૂપિયાનું કૌભાંડ કરી ૨ થી ૩ લાખમાં મળતો વીઘો ૫૭ લાખમાં ખરીદે છે કરોડો રૂપિયાનું ચુકવણું કરે છે ત્યારે ગરીબ વર્ગ ૧૦૦૦/- થી ૧૫૦૦/- રૂપિયા ન ભરી શકે તો ત્યાં ધારપાડુની જેમ વસુલાત માટે જે કાર્યવાહી થઈ રહી છે અને ઉંમર લાયક આધેડ વૃદ્ધા ને મોતને ઘાટ ઉતારે છે. આ કાર્યવાહી કરનાર કર્મચારી/અધિકારીઓ ઉપર વધ નો ગુન્હો દાખલ કરવામાં આવે અને ભવિષ્યમાં આવી કાર્યવાહીથી અધિકારીઓ દૂર રહી સમજાવટથી લ્હેણું વસુલ કરવાની કાર્યવાહી કરે તેવી છાપ પાડવા માટે પણ હાલની જે કાર્યવાહી કરેલ છે તે તમામ કર્મચારી/અધિકારીઓ ઉપર વધ નો ગુન્હો દાખલ કરી ભવિષ્યમાં આવું ન થાય અને એક બેન તરફડીને મોતને ઘાટ ઉતરે છે તેમને દવાખાને લઈ જવાની તસ્તી લેવાને બદલે ત્યાંથી ભાગી છુટે તે ખુબજ દુઃખદ બાબત છે અને ભવિષ્યમાં આવા દુખદ બનાવ ન બને તે માટે જિલ્લા સમાહર્તા / મેજીસ્ટ્રેટ તરીકે કડક કાર્યવાહી કરવા માટે આ પત્રથી રજુઆત સહ વિનંતી કરી રહ્યો છું.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી


# ચાલાલા પોલીસ સ્ટેશન વિસ્તાર ના મોટી ગરમલી ગામે થી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલોની હેરફેર કરતા એક ઈસમ ને વાહન સહિત કુલ કિ.રૂ.૧૧,૫૫,૫૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી ચાલાલા પોલીસ



ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂની બદી દુર કરવા પ્રોહીબિશનના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે ચલાલા I/Cપોલીસ ઈન્સ.આર.જી ચૌહાણ નાઓની રાહબરી હેઠળ ચલાલા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી રાહે હકિકત મળેલ કે મોટી ગરમલી (જીયાણી) ગામ બાજુ એક દારૂ ભરેલ ટ્રક ઉભેલ છે.

જે હકિકત આધારે તપાસ કરતા એક ઈસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો હેરફેર કરતા પકડી પાડી, આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરતી ચલાલા પોલીસ.પકડાયેલ આરોપીઓની વિગતઃ-(૧) ભાવેશભાઈ મનસુખભાઈ દવેરા ઉવ-૨૪ ધંધો-મજુરી રહે.શાપર વેરાવળ સર્વોદય સો.સા તા.કોટડા સાંગાણીપકડવાના બાકી આરોપીની વિગતઃ-(૧)બાલાભાઈ મનુભાઈ કડેવાલ રહે.બાબરા નીલવાડી રોડ પ્લોટ વિસ્તાર- ટ્રક માલિક(૨) કીશનભાઈ સુરેશભાઈ દવે રહે.લીલીયા(૩) વિરાજભાઈ પ્રવિણચંદ્ર રાણા રહે.ઢસાપકડાયેલ મુદ્દામાલઃ-ભારતીય બનાવટની વિદેશી દારૂની J A R V I S RESERVE WHISKY ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૨૮૮ કિ.રૂ. ૯૦,૭૨૦/- તથા GREEN APPLE VODKA ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૪૩૧ કિ.રૂ. ૬૪,૬૫૦/- એક અશોક લેલન કંપનીનો ટ્રક જેનો રજી નં G J - 14 - Z - 5 6 0 7 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- તેમજ એક પીળા કલરની તાડપત્રીની કિ.રૂ.૨૦૦/- મળી કુલ કિ.રૂ. ૧૧,૫૫,૫૭૦/- નો મુદ્દામાલ.આ કામગીરી માં ચલાલા પો.સ્ટે.ના I/Cપોલીસ ઈન્સ.આર.જી ચૌહાણ ના માર્ગદર્શન થી સર્વેલન્સ સ્કોડના HC મહેશભાઈ રાઠોડ તથા HC ભગીરથભાઈ ધાધલ તથા તથા H C રોનકસિંહ સોલંકી H C રમેશભાઈ વાળા તથા A S I નિરજકુમાર દાફડા P C પ્રદ્યુમનસિંહ રાઠોડ તથા P C રોહીતભાઈ રાખોલીયા PCશીવરાજભાઈ કામળીયા PC અજયભાઈ સોલંકી નાઓ દ્વારા કરવામાં આવેલ છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# ઓપરેશન સિંદૂર પછી આરોગ્ય વિભાગ એલર્ટ મોડ પર



ઓપરેશન સિંદૂર' પછી ગુજરાત આરોગ્ય વિભાગે તાત્કાલિક અસરથી પગલાં લેવાનું શરૂ કર્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા મોટા આદેશ અનુસાર તમામ સરકારી હોસ્પિટલોમાં વિજળી માટે અન્ય સ્ત્રોતની વ્યવસ્થા, બ્લડ ડોનેશન માટે કેમ્પ યોજવા અને જરૂરી દવાઓનો સ્ટોક ઉપલબ્ધ રાખવા માટેનો નિર્દેશ આપ્યો છે. ઉપરાંત ખાનગી હોસ્પિટલોના તબીબો સાથે સંપર્ક સાધવા અને તમામ તાત્કાલિક જરૂરિયાતો માટે સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. ધારિત્રી પરમારે જણાવ્યું હતું કે,જનરેટરની સુવિધા સહિત દવાઓ,સાધન સામગ્રીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે તથા મેડિકલની તમામ ટીમો કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સુસજ્જ છે. સુરતની સિવિલ હોસ્પિટલમાં પણ આદેશનો તાત્કાલિક અમલ થતાં તબીબી અધિક્ષક ડો. ધારિત્રી પરમાર, આર.એમ.ઓ. ડો. કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, બ્લડ બેંકના વડા ડો. જીતેન્દ્ર પટેલ અને ડો. ચિરાગ પટેલ દ્વારા વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. હાલ સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં ૩ હજાર યુનિટની ક્ષમતા છે, જેમાં માત્ર ૫૦૦ યુનિટનું સ્ટોરેજ છે. આ મામલે આગોતરા આયોજન હેઠળ રક્તદાતા સંસ્થાઓ, સ્વયંસેવકો, યુવાનો અને એનજીઓને રક્તદાન માટે અપીલ કરવામાં આવી છે જેના પ્રતિસાદ રૂપે સ્વયંસેવકોએ તત્કાલ રક્તદાન કર્યું છે. સ્વેચ્છિક રક્તદાન કરવા માટે બ્લડ બેંકના કાઉન્સેલર કાજલબેન (મો.૯૯૧૩૩-૨૬૫૦૨), આર.એમ.ઓ ડો.કેતન નાયક (મો.૯૮૨૫૩-૨૭૦૦૪),નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા (મો.૯૮૨૫૫-૦૪૭૬૬)નો સંપર્ક કરવો.સંવાદદાતા વિજય મકવાણા સુરત

# સુરતમાં N.T.M. ટેક્ષટાઈલ માર્કેટમાં ૧૪,૭૦,૦૦૦/- રોકડા રૂપિયાની ચોરી કરી ફરાર 3 આરોપીને સલાબતપુરા પોલીસે ઝારખંડ અને મધ્યપ્રદેશની ઝડપી પાડ્યા





સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સાહેબ તથા પોલીસ કમિશ્નર વાબાંગ જામીર અને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ ભગીરથ ગઢવી સાહેબ અને નાયબ પોલીસ કમિશ્નર ₹સી₹ ડીવીઝન ચિરાગ પટેલ સાહેબ દ્વારા અનડિટેક્ટ ચોરીના ગુનાઓ શોધી કાઢવા ₹ જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હતી.જે સુચના ના આધારે ગઈ તા-૦૩/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમો દ્વારા ફરીયાદીની N.T.M. ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ દુકાન.નંબર ૧૧૭૩,૧૧૭૪ નુ તાળુ ડુપ્લીકેટ ચાવી વડે ખોલી ઓફિસના ડ્રોવરમાં પડેલ રોકડા રૂપિયા ૧૪,૭૦,૦૦૦/- ની ચોરી કરી ફરાર થઇ ગયા હતા આ બાબતે ફરીયાદી એ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા સલાબતપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કે.ડી.જાડેજા ઘટના સ્થળે જઈ CCTV કેમેરા આધારે આરોપીની ઓળખ કરી ઝડપી પાડવા અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી.જેના આધારે સર્વેલન્સ સ્ટાફના સબ ઈન્સ્પેક્ટર વિ.વિ.ત્રિપાઠી તથા અ.હે.કો.વિક્રમભાઈ ગોવિંદભાઈ અને અ.હે.કો.કિશોરભાઈ ધીરૂભાઈ અને અ.પો.કો.અંકિતકુમાર રાજેશભાઈ એક ટીમ ચોરી કરનાર એક આરોપીને CCTV કેમેરા આધારે ટ્રેક કરી ગોડાદરા તેના ઘર સુધી પહોંચી અને આરોપી ચોરી કર્યા બાદ પ્રાઈવેટ ટ્રાવેલ્સ મારફત તેના વતનગામ ઝારખંડ જતો રહ્યો હોવાની હકીકત બાતમી મળતાં અધિકારી ની પરવાનગી મેળવી પોલીસ ટીમ રવાના થયેલ જે ટીમ દ્વારા ગુનાના મુખ્ય સુત્રધારને મધ્યપ્રદેશના ગુલાબગંજ ખાતેથી ચાલુ ટ્રાવેલ્સ બસમાંથી ઝડપી પાડી અને તેને નજીકના પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ તેની પુછપરછ કરી આરોપી પાસેથી ચોરીમાં ગયેલ રોકડા રૂપીયા પૈકીના રૂપિયા ૬,૮૬,૧૦૦/- રીકરવર કરી તેને સુરત ખાતે લઈ આવી અન્ય આરોપીઓ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પકડાયેલ આરોપી દ્વારા તેના સહ આરોપીઓની ઓળખ પ્રસ્થાપીત થતા તેઓને CCTV કેમેરા આધારે ટ્રેક કરવામાં આવેલ હતા, જે અન્ય બે આરોપીઓ ટ્રેન મારફત તેમના વતનગામ ઝારખંડ રાજ્ય ખાતે જવા માટે નિકળેલ હોવાની હકીકત જણાઈ આવતા ઉપરી અધિકારી ની પરવાનગી મેળવી સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો.દિવ્યકાંત જશવંતભાઈ અને અ.હે.કો. સંજયભાઈ જશુભાઈ અને અ.હે.કો.પરાક્રમસિંહ માનસિંહ ની એક ટીમ ઝારખંડ રાજ્ય ખાતે તપાસમાં મોકલી આપેલ જે ટીમ દ્વારા ઝારખંડ રાજ્યના ગીરડી જીલ્લા ખાતેથી ૦૨ આરોપીઓને રાત્રીના સમયે તેના ઘરેથી ઝડપી પાડી નજીકના પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ તેની પુછપરછ કરી આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ રોકડા રૂપીયા પૈકીના રૂપિયા ૩,૨૭,૬૦૦/- રીકરવર કરી તેઓને સુરત ખાતે લઈ આવી આગળની કાર્યવાહી સલાબતપુરા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી સંવાદદાતા વિજય મકવાણા સુરત

Printed, Published & owned by Dilip Nanjibhai Patel Printed at Taptilok Publication Plot No. 152/153, Shree Ram Industrial Estate, Pandesara GIDC, Opp Petrol Pumb Surat. Published at Flat No. 301, Building - A Madhav Residency, Near Angan Residency, karadva Road, Dindoli Dist Surat - 314210 Gujarat Editor Dilip Nanjibhai Patel